
# Gyan Amrit
# જ્ઞાનામૃત

Vol.17 - Issue 01
January 2024
Price 15/-



નિરાકાર પરમપિતા શિવ પરમાત્માના સાકાર માધ્યમ પ્રજાપિતા બ્રહ્મા



રાજુલામાં માઉન્ટ આબુથી પધારેલ બ્ર.કુ. ઉષાબેનનું શૉલથી અભિવાદન કરતાં સિવિલ ન્યાયાલયના ન્યાયાધીશ ભ્રાતા રાહુલભાઈ ચાવડા બાજુમાં બ્ર.કુ. સરોજબેન અને બ્ર.કુ. અનુબેન.



વડોદરા અટલાદરામાં પધારેલ રાજમાતા શુભાંગિની દેવી ગાયકવાડ, પોલીસ કમિશ્નર ભ્રાતા અનુપસિંહ ગેહલોત IPS, ITM યુનિ.ના કુલપતિ ડૉ. અનિલ બિસેન, બ્ર.કુ. નેહાબેન, બ્ર.કુ. અરૂણાબેન.



અમદાવાદ સેન્ટ્રલ બેંક ઑફ ઈન્ડીયામાં કાર્યક્રમ બાદ સમૂહચિત્રમાં GM ભગિની નરેશબેન, સ્ટાફ, બ્ર.કુ.નંદિનીબેન, બ્ર.કુ. ઉર્મિલાબેન.



ઉમરગામમાં નવનિયુક્ત નગરપાલિકાના પ્રમુખ ભ્રાતા મનીષ રાયનું પુષ્પગુચ્છથી અભિવાદન કરતાં બ્ર.કુ. રંજનાબેન તથા બ્ર.કુ. ઉમેશભાઈ.




સુરત પરવટ ખાતે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળામાં આયોજીત 'જલ જન અભિયાન'માં બ્ર.કુ. ગીતાબેન, બ્ર.કુ. કૃપાલીબેન.




સુરત સરથાણા સેવાકેન્દ્ર દ્વારા 'જલ જન અભિયાન'નો સંદેશ આપવા આયોજીત બાઈક રેલીમાં બ્રહ્માકુમારી બહેનો તથા ભાઈઓ.



માતરમાં ગુજરાત રાજ્ય વાહન વ્યવહાર નિગમની કચેરી ખાતે આયોજીત 'સ્વચ્છતા અભિયાન'માં બસ ડેપો મેનેજર ભ્રાતા જયંતીભાઈ, સ્ટાફના ભાઈઓ સાથે બ્ર.કુ. રૂપલબેન તથા બ્રહ્માવત્સો.




ખેડામાં એસ.ટી. બસ સ્ટેન્ડ ખાતે આયોજીત 'સ્વચ્છતા અભિયાન'માં બસ ડેપો મેનેજર ભગિની મેઘનાબેન, ડ્રાઈવર, કંડકટર, સ્ટાફ અને મુસાફરોને સંદેશ આપતાં બ્ર.કુ. દક્ષાબેન.

# Gyan Amrit
# જ્ઞાનામૃત

વર્ષ ૧૭ જાન્યુઆરી - ૨૦૨૪ અંક : ૦૧

**પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયનું મુખપત્ર**


## અમૃતસૂચિ


- પવિત્રતા, સત્યતા અને દિવ્યતા ............તંત્રી સ્થાનેથી ..04
- તપસ્યાની પરાકાષ્ઠાથી સંપૂર્ણતા સુધી .......................06
- પ્રજાપિતા બ્રહ્મા ..................................................08
- સત્યની દુનિયાને લાયક બનો ........બ્ર.કુ. જગદીશચંદ્ર ..10
- પ્રસન્નતાના પથ પર - આશીર્વાદ એવી ..બ્ર.કુ. શિવાની ..11
- આપણે માંગનારા નહીં પણ...રાજયોગિની પ્રકાશમણિજી ..12
- અમૃતધારા - ન્યારાપણા..........રાજયોગિની જાનકીજી ..13
- ભ્રાતા રમેશભાઈ ................................બ્ર.કુ. હેમંત ..14
- સંકલ્પોની રફતાર .........................બ્ર.કુ. રાજુભાઈ ..19
- જ્ઞાન ગમ્મત ....................................બ્ર.કુ. કિશોર ..22
- દિવ્યદર્શન - ..................................બ્ર.કુ. નંદિની ..23
- બ્રહ્મા માં રાખે છે ............................બ્ર.કુ. જૂનાગઢ ..25
- ત્રિદલ..........................................ડો. ચિનુભાઈ ..26
- પ્રજાપિતા બ્રહ્માજી ............................બ્ર.કુ. જગદીશ ..30
- ચાલો આપણે કંઈક નવું કરીએ ...........બ્ર.કુ. શિવદાસ ..33
- મુક્તકમાળા ..........................બ્ર.કુ. ગોદાવરીબેન ..34
- આત્મ અનુભૂતિ ..........................બ્ર.કુ. ઈશ્વરભાઈ ..34



**2024ના લવાજમના દર**

**ભારતમાં**

| | | |
|---|---|---|
| વાર્ષિક લવાજમ | રૂ. | ૧૩૦.૦૦ |
| આજીવન સભ્ય | રૂ. | ૨,૨૦૦.૦૦ |
| છૂટક નકલ | રૂ. | ૧૫.૦૦ |

**વિદેશમાં**

| | | |
|---|---|---|
| એરમેઈલ વાર્ષિક | રૂ. | ૧,૬૦૦.૦૦ |
| આજીવન સભ્ય | રૂ. | ૧૨,૦૦૦.૦૦ |



કૃતિઓ તથા સેવા સમાચાર
મોકલવાનું સરનામું
**બ્ર.કુ. ડો. કાલિદાસ પ્રજાપતિ**
તંત્રી : જ્ઞાનામૃત
જી-૨/૨૨, શિવમ એપાર્ટમેન્ટ,
નવા વાડજ, અમદાવાદ - ૩૮૦ ૦૧૩.
**Phone : 99798 99104**



**મુદ્રક અને પ્રકાશક**
**ભારતી રણછોડદાસ સોમૈયા**


**-:- વિશેષ નોંધ -:-**

જાન્યુઆરી, 2024થી જ્ઞાનામૃતનું નવું વર્ષ શરૂ થશે. જેથી સર્વ નિમિત ટીચર્સ બહેનો, બ્રહ્માકુમાર ભાઈ-બહેનો, પ્રિય વાંચકોને મેમ્બરશીપ રીન્યુ કરાવી નામ નોંધાવી દેવા વિનંતી. જ્ઞાનામૃતના કારોબાર માટે નીચે આપેલ બેંક ખાતાની વિગતોનો ઉપયોગ કરી ઓનલાઈન, રોકડા, ચેક કે ડી.ડી.થી લવાજમ ભરી શકાશે. Gpay, Phone Pay કે મોબાઈલ નંબર ઉપર જ્ઞાનામૃતનું લવાજમ ભરશો નહીં.


**જ્ઞાનામૃતના બેંક ખાતાની વિગતો**

**પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય**

Account No. : **03290100041261** IFSC Code : **BARB0GITAMA**
Bank Name : **BANK OF BARODA, Geeta Mandir Branch**

**પ્રકાશન સ્થળ - ગુજરાત ઝોન મુખ્યાલય**

**બ્રહ્માકુમારીઝ, સુખશાંતિ ભવન, ભુલાભાઈ પાર્ક રોડ, કાંકરિયા, અમદાવાદ - ૩૮૦ ૦૨૨.**
**Phone: 079 - 2532 4460**

**Email :** gyanamrit.guj@gmail.com

## તંત્રી સ્થાનેથી

# પવિત્રતા, સત્યતા અને દિવ્યતા

રાજયોગના સાધનાપથ પર અગ્રેસર થનાર સાધકોમાં ભિન્ન ભિન્ન દિવ્યગુણો હોવા જરૂરી છે. અહીં જે ત્રણ ગુણો આપ્યા છે તે ઘણા મહત્ત્વના છે. તો અહીં તેનું સંક્ષિપ્તમાં ચિંતન કરીએ છીએ.

### પવિત્રતા

સત્યતાનો પાયો છે પવિત્રતા. પવિત્રતાના આધાર પર સત્યતાનું સ્વરૂપ સ્વતઃ અને સદા રહે છે. માટે જ કહેવાયું છે કે પવિત્રતાનું પ્રેકટિકલ સ્વરૂપ દેવતા અર્થાત્ દિવ્યતાનું છે. પવિત્રતાને સ્વર્ગ કહેવાય છે. રાજયોગી જીવનમાં કમલપુષ્પ સમાન પવિત્ર જીવન એ શ્રેષ્ઠ જીવન છે. ઘર ગૃહસ્થમાં રહીને તે પ્રમાણે જીવવાનું છે.

બાબાની શ્રીમત છે પવિત્ર બની, રાજયોગી બનો. પવિત્ર આત્મા નિશ્ચિંત, નિર્ભય અને દૃઢ મનોબળવાળો હોય છે. ભીષ્મ પિતામહની પવિત્રતાની ધારણાનું મહત્ત્વ છે. તેથી તેને ભીષ્મ પ્રતિજ્ઞાનું બિરુદ મળ્યું છે. કૃષ્ણના મુગુટમાં મોરપીંછ છે જે પવિત્રતાનું સૂચક છે. સંપૂર્ણ પવિત્રતા ધારણ કરનાર સાધક જ આધ્યાત્મિક પથ ઉપર ટકીને સન્માન મેળવે છે.

સંન્યાસીઓની પવિત્રતાને કારણે ભારતની સંસ્કૃતિ ટકી રહી છે. પરમપિતા શિવ પરમાત્મા તેમની મુરલીમાં સંન્યાસીઓનું ગાયન કરે છે. ગાંધીજીએ બ્રહ્મચર્ય વ્રત અપનાવ્યું તેથી તેઓ મહાત્મા બની શક્યા. સ્વામી વિવેકાનંદની દિવ્યતા અને ગહન જ્ઞાનને લીધે સમગ્ર વિશ્વમાં ભારતનું નામ ગૂંજતું થયું છે. ગીતામાં લખ્યું છે કે જ્ઞાન જેવી પવિત્ર ચીજ કોઈ નથી. જ્યાં સ્વચ્છતા છે. ત્યાં પવિત્રતા છે. પવિત્રતા નથી તો સદા સત્યતા રહી શકતી નથી. અડધા કલ્પ સુધી બ્રહ્માવત્સો (ત્યારે દેવતાઓ)નું પવિત્રતાનું જીવન નેચરલ પણ છે અને નેચર પણ છે.

દુનિયામાં અનેક આત્માઓ પોતાને સત્યવાદી કહે છે યા સમજે છે પણ સંપૂર્ણ સત્યતા પવિત્રતાના આધાર પર હોય છે. ભલે ધર્મ આત્માઓ મહાન આત્માઓ પોતાનો પાર્ટ બજાવે છે પણ તે આત્માઓ શરીર અને આત્માથી પવિત્ર નથી પણ આપ દેવ આત્માઓ શરીર અને આત્મા બન્ને રૂપથી પવિત્ર છો.

### સત્યતા

સત્યતાનો પાયો છે પવિત્રતા. સત્યતાનું પ્રેક્ટિકલ પ્રમાણ ચહેરો અને ચલનમાં દિવ્યતા હશે. પવિત્રતા નથી તો સદા સત્યતા રહી શકતી નથી. સત્યતા માત્ર સાચું બોલવું સાચું કરવું એને જ કહેવાતી નથી પણ જીવનમાં સત્યતાના આચરણનું મહત્ત્વ છે. પહેલી વાત છે આત્માના અને પરમાત્માના સત્ય સ્વરૂપને જાણવું. એને સૃષ્ટિચક્રમાં પણ સંપૂર્ણ નિશ્ચય હશે. સત્યતાની ઓળખાણ છે સંકલ્પ, બોલ, કર્મ, સંબંધ, સંપર્ક સૌમાં દિવ્યતાનો અનુભવ થાય.

સત્યને સિદ્ધ કરવા માટે જિદ્દ કરવાની નથી સત્યતામાં જીવનાર આત્મા-સાધક સદા ખુશીમાં નાચતો હોય છે. સત્યતાની શક્તિમાં દિવ્યતા ધારણ કરો. સત્યતાની નાવ ડોલે છે પણ ડૂબતી નથી સત્ય સમય આવ્યે એની મેળે સિદ્ધ થશે. ગાંધીજી સત્યને જ પરમાત્મા માનતા હતા. તેઓ પોતાના જીવનમાં સચ્ચાઈ અને સફાઈથી જીવ્યા. આ માટે ગાંધીજીની આત્મકથા 'સત્યના પ્રયોગો'

દરેક વાંચવી જોઈએ. સત્યતા માટે પોતાનું સર્વસ્વ સ્વાહા કરનાર રાજા હરિશ્ચંદ્ર, સત્યવાદી હરિશ્ચંદ્રના નામે ઓળખાય છે.

સત્યતાને વળગી રહેનાર જિસસ ક્રાઈસ્ટને છાતી અને પગે ખીલા મારીને મારી નાખવામાં આવ્યા. સત્ય જ્ઞાન આપનાર સોક્રેટીસને ઝેરનો પ્યાલો પીવડાવ્યો. સત્ય જ્ઞાનના પ્રચાર માટે બ્રહ્માબાબા અને બ્રહ્માવત્સોને ઘણું સહન કરવું પડ્યું. શાસ્ત્રો કહે છે સત્યંવદ. બાબા કહે છે ‘સચ્ચે દિલ પર સાહિબ રાજી’ દાદી જાનકીજી આ વાત વારંવાર કહેતાં હતાં.

સત્યતા જ મહાનતા છે. સત્યતા જ માન્યતા છે. સત્ બાપ, સત્ શિક્ષક તથા સતગુરુ આવીને આત્માનો, પરમાત્માનો, સૃષ્ટિચક્રનો સત્ય પરિચય આપીને સત્યતાની શક્તિ ભરે છે. સત્યતાની શક્તિ પ્રકૃતિને સતોપ્રધાન, યુગને સતયુગ બનાવી દે છે. સત્યતાના સૂર્યને વાદળો લાંબા સમય સુધી ઢાંકી શકતાં નથી. સત્યતા ગુપ્ત રહી શકતી નથી તેથી સમય આવ્યે ભ્રષ્ટાચારીઓ પકડાઈ જાય છે. ‘સત્યમેવ જયતે’ એ ઋગ્વેદમાંથી લીધેલું વાક્ય છે જેનો ભારતની રાષ્ટ્રમુદ્રામાં સમાવેશ થયો છે. સાચો રૂપિયા કદી પાછો આવતો નથી. સત્યતાની શક્તિને ધારણ કરવા માટે સહનશક્તિની પણ જરૂર છે. બાબા કહે છે ‘સચતો બીઠો નચ.’

## દિવ્યતા

સત્યતાનો પાયો મજબૂત છે એની નિશાની છે ચલન અને ચહેરા ઉપર દિવ્યતા. જો આપનામાં દિવ્યતા નથી તો બીજાઓને આપનું સત્ય, સત્ય નહીં લાગે. દિવ્યતાનો અર્થ છે. દિવ્યગુણો દ્વારા કર્મ કરવું, સંકલ્પ કરવો. દેવી દેવતાઓના ચહેરાઓ ઉપર દિવ્યતા છે. બ્રહ્મચારી તપસ્વી, ગુણ સંપન્ન આત્માની ઓળખ ચહેરા ઉપરની દિવ્યતા છે. નારદ મુનિની દિવ્યતાને લીધે વાલિયો લૂંટારો વાલ્મીકિ ઋષિ બન્યા. બુદ્ધની દિવ્યતાએ અંગુલીમાનનું જીવન બદલી દીધું. જનક વિદેહી દિવ્યતાનો અવતાર હતા. બ્રહ્માબાબાનું જીવન દિવ્યગુણોના ગુલદસ્તાથી સદા મહેંકતું હતું. બાબાની દિવ્યતાનો બ્રહ્માવત્સો અને વિશિષ્ટ પ્રતિભાઓ ઉપર પ્રભાવ પડતો હતો. જે મન, વાણી અને કર્મથી પવિત્ર રહે છે તેનું લલાટ દિવ્યતાના તેજથી ચમકે છે. દિવ્યતા ગુપ્ત રહી શકતી નથી તે દૃશ્યમાન થાય છે.


મંદિરોમાં દેવી દેવતાઓના મુખારવિંદની દિવ્યતા અને પ્રસન્નતા ભક્તોને ભાવવિભોર બનાવી દે છે. દિવ્યતા સંપન્ન વ્યક્તિ-સાધક માન-શાન, પદ-પ્રતિષ્ઠા, ધન-દોલત, સત્તાથી વિમુખ રહે છે. દેશને આઝાદી અપાવનાર રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી આ બધાથી પર હતા. દાદી પ્રકાશમણિજીની દિવ્યતા અને પ્રસન્નતાનો અનુભવ સૌ કોઈ કરતાં હતાં. દિવ્યતામાં દાતાપણાના ગુણ છે. દિવ્યતા સંપન્ન જીવન જીવવા માટે રાજયોગનો અભ્યાસ જરૂરી છે. સત્યને જિદ્દથી સિદ્ધ કરો તો તેમાં દિવ્યતા દેખાતી નથી. બ્રહ્માવત્સોમાં જો પવિત્રતા અને સત્યતાની શક્તિ ના હોત તો તેમના ચહેરાઓથી જે દિવ્યતા અનુભવાય છે તે ના થાત. સત્યતાની શક્તિથી દિવ્યતાને ધારણ કરો. દિવ્યતા અર્થાત્ દિવ્યગુણોના આધાર પર મન, વચન, કર્મ કરવું. શ્રીમદ્ ભગવત ગીતામાં દિવ્યગુણોનું વર્ણન છે. રાજયોગી જગદીશચંદ્રનું પુસ્તક ‘દિવ્ય ગુણોનો ગુલદસ્તો’ અવશ્ય વાંચવું જોઈએ.

સાકારબાબાએ પાંડવભવનની ભૂમિ ઉપર રહીને જે સાદના કરી તેનાં દિવ્ય આંદોલનો સમગ્ર

**(અનુસંધાન પેજ નં. 09 પર)**

## તપસ્યાની પરાકાષ્ઠાથી સંપૂર્ણતા સુધી

# પ્રજાપિતા બ્રહ્મા



સ્વયં જ્ઞાન સાગર ત્રિકાલદર્શી પરમપિતા શિવ પરમાત્માએ જેમને આદિ પુરુષ કહીને પોતાની દૃઢતા પવિત્રતા તથા તપસ્યાના બળથી જેમણે અનેકોને જીવનદાન આપ્યું. રુદ્ર દ્વારા સ્થાપિત જ્ઞાન યજ્ઞમાં જેમણે પોતાનું સર્વસ્વ સ્વાહા કરી દીધું અને યજ્ઞપિતા બનીને યજ્ઞનો નિરંતર વિકાસ કર્યો. જેમની દૃષ્ટિ બીજાઓને દેહભાનથી ન્યારા બનાવી દેતી હતી. જેઓ વિદેહી સ્વરૂપમાં રહીને આ સંસારમાં એવી રીતે રહ્યા કે એમ લાગતું હતું કે જાણે અહીં નથી. આપ એવા મહાન પુરુષ હતા જેઓને સ્વયં નિરાકાર ત્રિમૂર્તિ શિવે પોતાનું માધ્યમ બનાવ્યા. એમના તનમાં પ્રવેશીને ઈશ્વરીય જ્ઞાનનાં સાચાં રહસ્યો જણાવ્યાં. 93 વર્ષની ઉંમરમાં આપ સંપૂર્ણ કર્માતીત બન્યા. આટલી ઉંમર હોવા છતાં સીધા ચાલતા હતા, સીધા બેસતા હતા. બેડમિંટન પણ રમતા હતા. આટલી ઉંમરમાં પણ એમનામાં વૃદ્ધ અવસ્થાનાં લક્ષણો દેખાતાં નહોતાં. તેઓને ચશ્મા પણ આવ્યા નહોતા. એમની ગતિ કદી મંદ હતી નહીં. આપે પવિત્રતા અને દિવ્યતાનો પાયો એટલો ઊંડો રાખ્યો કે આજે એમના રાહ પર દેશ વિદેશોના અનેક લોકો ચાલવા લાગ્યા. કર્મ અને વ્યવહારમાં સ્વાર્થ કદી પણ એમને સ્પર્શી શક્યો નહોતો. એમની અનેક મહાનતાઓમાંથી કેટલીક અહીં રજૂ કરી છે.

### મહાન કર્મયોગી

આપ કર્મ કરવા છતાં પણ કર્માતીત હતા. કર્મયોગી એને કહેવાય કે જેઓ કર્મ કરવા છતાં યોગયુક્ત અવસ્થામાં રહે. જેમના મનમાં કર્મની છાયા પણ રહેતી નહોતી. આપ નિષ્કામ અને કર્મબંધનથી મુક્ત રહેતા હતા. સમગ્ર યજ્ઞનું નિરીક્ષણ કરવા ચક્કર લગાવતા હતા. યજ્ઞના સર્વ કારોબારનું સંચાલન કરતા હતા. રાત્રિ ક્લાસ કરાવ્યા પછી પણ સર્વ બ્રહ્માવત્સોના ઓરડામાં જતા હતા. દરેક બ્રહ્માવત્સ પાસે પૂરી સગવડો છે કે નહીં તેનું ધ્યાન રાખતા હતા. બધા વત્સો સારી રીતે આરામ કરી રહ્યા છે તેનું ધ્યાન રાખતા. સર્વ બાળકોને સૂવડાવીને પછીથી આપ સૂતા હતા. આ સર્વ કાર્યોમાં એમનો પિતૃવત્ પ્રેમ, હળવાપણું, ચહેરાની રમણિકતા સાફ દેખાઈ આવતી હતી. આપ એવી રીતે કાર્ય કરતા હતા કે જાણે પરમાત્મા જ કરાવી રહ્યા છે. આપ બુદ્ધિથી સદા પરમધામમાં વિચરણ કરતા હતા.

### સંપૂર્ણ બનવા માટે સંપૂર્ણ સમર્પિત

પરમપિતા શિવ પરમાત્મા દ્વારા રાજયોગનું જ્ઞાન મળતાં જ નિરંતર યોગયુક્ત અવસ્થામાં રહેતા હતા. સાધકો જાણે છે કે સાધનાનો માર્ગ પરીક્ષાઓનો છે. તેમાં આશા, નિરાશાનો પ્રવાહ ચાલે છે. માયા પણ સાધકના પથમાં અવરોધો નાંખે છે. પણ આપે મહાવીર બનીને સ્વયંને એના માટે કુરબાન કર્યા. બાબાનું એક જ લક્ષ્ય હતું કે નિરંતર યોગયુક્ત રહેવું છે. સંપૂર્ણ બનવાનું છે. સમયને ક્યારેય વ્યર્થમાં જવા દીધો નહીં. વાતોમાં બહિર્મુખતાનો વિસ્તાર નહીં. વિષ્ણુ સમાન જ્ઞાનમાં મગ્ન અને સર્વ કાંઈ સમેટેલા લાગતા હતા. ઈશ્વરીય કાર્ય સિવાય બીજા કોઈ કાર્યમાં એમની રુચિ નહોતી. બસ અર્જુનની જેમ એમને પોતાનું લક્ષ્ય જ દેખાતું હતું. આને કહેવાય છે મહાન લક્ષ્ય

પ્રતિ સ્વયંને સમર્પિત કરવા. આપને કંઈ પણ મેળવવાની, જોવાની, સાંભળવાની ઈચ્છા નહોતી.

## મહાન તપસ્વી તથા વૈરાગ્ય સંપન્ન

જ્યારથી નિરાકાર ત્રિમૂર્તિ શિવે એમના તનમાં દિવ્ય અવતરણ કર્યું હતું તથા જ્યારથી એમને મહાવિનાશના સાક્ષાત્કાર થયા હતા. ત્યારથી આપ વૈરાગ્યની ભાવનાથી પરિપૂર્ણ બની ગયા હતા. ધન-દોલત પ્રત્યે એમને વૈરાગ્ય થઈ ગયો હતો. એમને એક જ ધૂન હતી કે શીઘ્ર સંપૂર્ણ બનીને પાછા ઘર (પરમધામ) પાછા જવું છે. આ વિશ્વ એમને નષ્ટ થયેલું દેખાતું હતું. આપ એને જોવા છતાં પણ જોતા નહોતા. બસ તપસ્યા જ તપસ્યા.

આપણે જાણીએ છીએ કે તપસ્યા દરેક વ્યક્તિ કરી શકતી નથી. જેનામાં ત્યાગ અને વૈરાગ્ય હોય, જેનું મન નિર્વિકાર અને શાંત થઈ ગયું હોય, જેઓ આ વિશ્વમાં રહેવા છતાં પોતાને જીવતાં જ મરેલા સમજતા હોય તેની બુદ્ધિ જ યોગમાં સ્થિર રહી શકે છે. બાબાને તો જન્મથી જ સ્થિર તથા દિવ્ય બુદ્ધિનું વરદાન મળેલું હતું. પ્રાતઃ બે, ત્રણ વાગે ઉઠીને રાજયોગની ગહન સાધનામાં તત્પર થઈ જતા હતા. અશરીરીપણું અને આત્મિક દૃષ્ટિનો આપે ઘણો અભ્યાસ કર્યો હતો. આપ બેડમિંટન રમતા હોય, ખાતા હોય, ચાલતા હોય કે વાત કરતા હોય છતાં આપ નિરંતર યોગયુક્ત રહેતા હતા. શાસ્ત્રોની ભાષામાં કહીએ તો આપ ચાલતાં, ફરતાં સમાધિસ્થ સ્થિતિમાં રહેતા હતા. એમની સાધના સંપૂર્ણ રીતે વિશ્વ કલ્યાણની હતી.

## નારાયણી નશામાં મસ્ત

આપ સદા નરમાંથી શ્રી નારાયણ બનવાના નશામાં દેખાઈ આવતા હતા. એમના મુખ પર પણ આવી જતું હતું કે હું વૃદ્ધ તન છોડીને નાનો કૃષ્ણ બનીશ. એમના મુખ પર આ હાવભાવ જોવા મળતા હતા. એને કારણે પ્રભુપ્રેમમાં મગ્ન રહેનારને નારાયણી નશામાં રેહાનારા કહેવામાં આવે છે. એક વાર આપ હોલમાં એકલા જ નૃત્ય કરી રહ્યા હતા. દાદી જાનકીજીએ બાબાને જોયાં. તેઓ બોલ્યા બેટી, બાબાને નશો ચઢી ગયો છે કે ભવિષ્યમાં હું કૃષ્ણ બનવાનો છું. પોતાને ગોડલી સ્ટુડન્ટ હોવાનો, પ્રભુ મિલનનો પ્રભુના સાથનો અને પ્રભુને રથ આપવાનો નશો રહેતો હતો.

## બેફિકર બાદશાહ

'જે મેળવવાનું હતું તે મળી ગયું. હવે કામનું બાકી રહ્યું' આ એમના દિલનું ગીત હતું. એમના જીવનનું સંગીત હતું. અલૌકિક જીવનની યાત્રામાં અનેક વિઘ્નો આવ્યાં પણ આપને કદી ઉદાસ, ભયભીત, ચિંતિત યા પરેશાન જોયા નથી. અનેક બ્રહ્માવત્સ પણ યજ્ઞમાં વિઘ્નો નાંખતા હતા, ગ્લાનિ કરતા હતા પરંતુ આપ એવું કહેતા હતા કે શિવબાબા બેઠ્યા છે. એજ યજ્ઞના માલિક છે. એમની છત્રછાયા અમારા શિર પર છે, એજ બધું સંભાળી લેશે. આ નિશ્ચય તથા નશો એમને દુઃખોથી દૂર બેફિકર બાદશાહ બનાવી રાખતા હતા. આપ સિંહની જેમ સદા નિર્ભય હતા. એમનું ભવિષ્યમાં વિશ્વ મહારાજન બનવાનું નક્કી હતું.


## નષ્ટોમોહા - સ્મૃતિર્લબ્ધા

સંપૂર્ણ ગીતાના જ્ઞાનને આપે જીવનમાં ઉતાર્યું હતું. બીજા અધ્યાયનું આત્મજ્ઞાન, સ્થિર બુદ્ધિ, યોગયુક્ત જીવન યા નિષ્કામભાવ, મનોવિકારો પર વિજય યા સાત્વિકવૃત્તિ અને અંતિમ નષ્ટોમોહા તથા સ્વરૂપ સ્થિતિ આ સૌ એમના જીવનમાં સાકાર થયાં હતાં.

એમનાં ધર્મપત્ની, પુત્ર, પુત્રી તથા અન્ય નજીકનાં સબંધીઓ એમની સાથે યજ્ઞમાં હતાં,

(અનુસંધાન પેજ નં. 33 પર)

# પ્રજાપિતા બ્રહ્મા



કહેવામાં આવે છે કે દુનિયામાં જ્યારે બાળકોને ઘણું સારું, મૂલ્યવાન શિક્ષણ આપવાનું હોય છે, જે શરૂઆતથી આજ સુધીની પરંપરા રહી છે. એમાં બ્રહ્મચર્ય, સંયમ-નિયમનો રોલ ઘણો વધારે હોય છે, મૂલ્યવાન હોય છે. એક બાળકની પવિત્રતા, એનું આકર્ષણ એ શીખે છે ત્યાં સુધી સારું હોય છે. હવે એને ઘટનાના રૂપમાં જોઈએ યા સંયોગ કહો પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયના સંસ્થાપક પ્રજાપિતા બ્રહ્માબાબા 60 વર્ષની ઉંમરમાં એક પરમશક્તિને પોતાની પાસે રાખતા હતા.

તે પરમશક્તિ પરમાત્માની વાતોને સાંભળતી હતી, સમજતી હતી અને અનુભૂતિ પણ કરતી હતી. પરંતુ તે એક ભક્તની જેમ નહીં પણ બાળક રૂપે. જેવી રીતે એક બાળકની જેમ એમણે જીવવાનું શરૂ કર્યું, એમનામાં અલગ રીતના ભાવ ઉત્પન્ન થવા લાગ્યા. શીખવાનો ભાવ એ રીતથી કે આ જ્ઞાન પરમાત્માનું છે. પરમાત્મા સર્વ-શક્તિમાન છે એટલે એમની વાતોને સમજવી એટલી સરળ નથી. એટલે સૌથી પહેલાં એમણે આ વાતને સમજવી, ધારણ કરવી શરૂ કરી અને એ રીતે ફોલો (અનુસરણ) કરવાનું શરૂ કર્યું. પરમાત્માની સર્વ વાતોને સમજવા માટે દિવ્યબુદ્ધિની આવશ્યકતા હતી. તે દિવ્યબુદ્ધિ પરમપિતા શિવ પરમાત્માએ બ્રહ્માબાબાને આપી. આ ઘણો ગર્વ લેવા જેવો વિષય છે કે પ્રજાપિતા બ્રહ્માએ આ સર્વ વાતોને સર્વ શિક્ષાઓને એક એક કરીને પોતાની અંદર સમાવી લીધી.

એમને પરમાત્માની વાતો સમજાવા લાગી. કોઈપણ શિક્ષા (શિક્ષણ)ને ધારણ કરવામાં ધૈર્યની આવશ્યકતા છે. હિન્દુ ધર્મની ચાર અવસ્થાઓમાં આપણી વાનપ્રસ્થ અવસ્થા હોય છે. તેમાં એમ કહેવાય છે કે આપણે ગૃહસ્થ ધર્મથી મુક્ત થઈ જઈએ છીએ. એવી માન્યતા છે કે એ પછી આપે પરમાત્માના કાર્યમાં જોડાઈ જવું જોઈએ. પરંતુ આજે એટલાં સાંસારિક બંધનો છે કે વાનપ્રસ્થ અવસ્થા આવતી જ નથી. લોકો પચાસ, સાઠ વર્ષો સુધી સાંસારિક જંજાળથી મુક્ત થઈ શક્તા નથી. આપણે એટલી બધી સમસ્યાઓ વચ્ચે જીવીએ છીએ કે ના સ્વયંની સંભાળ કરી શકીએ છીએ કે ના બીજાઓની સંભાળ કરી શકીએ છીએ. પછી આપણને કોઈ ગમે તેટલું શિક્ષણ આપે.

પ્રજાપિતા બ્રહ્મા આ ધરા પર જ થયા એમણે આ શિક્ષાઓનો એક બહુ મોટો બ્રીજ બનાવ્યો. જેમાં કલિયુગની સર્વ માન્યતાઓને બાજુ પર મૂકી દીધી અને શિક્ષા રૂપી બ્રીજને અનેક લોકો સુધી લઈ ગયા. જેનાથી એક ઘણું સુંદર જીવન આપણે જીવી શકીએ છીએ. નાનાં નાનાં બાળકો (કુમારીઓ અને કુમાર)ને બાબાએ એ બ્રીજથી પાર ઉતાર્યાં. આજે બહુ પાર ઉતરેલા આત્માઓએ સમગ્ર શિક્ષાઓને પોતાના જીવનમાં ધારણ કરી.

કારણ કે જે બ્રહ્માકુમારીઝ યજ્ઞ છે, તેમાં બાબાની સાથનો જે પહેલો સમૂહ છે (દાદીઓ, દીદીઓ, દાદાઓ) એમણે બ્રહ્માબાબાની જેમજ જ્ઞાન, ગુણો, દિવ્યતાને પોતાનામાં ધારણ કરી. દિવ્યબુદ્ધિનો જે મુખ્ય સ્ત્રોત છે તે જે પરમાત્મા શિક્ષા જ છે. જ્યાં સુધી આ શિક્ષા પોતાની અંદર નહીં જાય ત્યાં સુધી આપણી બુદ્ધિ દિવ્ય અને અલૌકિક બનશે નહીં. પરમાત્માની સર્વ શિક્ષાઓને, બ્રહ્માબાબાએ સંપૂર્ણ રીતે પોતાનામાં ઉતારી તે પ્રમાણે જીવન જીવી બતાવ્યું. બ્રહ્માબાબા એવા એક મહામાનવ હતા જેમણે આધ્યાત્મિક ક્રાંતિ લાવી. કન્યાઓ માતાઓના શિરે જ્ઞાનનો કળશ મૂકીને નારીને નારાયણીનું ગૌરવ અપાવ્યું. આજે સંસ્થાનાં સર્વ સેવાકેન્દ્રોનું સંચાલન નારીશક્તિ (બ્રહ્માકુમારી બહેનો) કરે છે. બ્રહ્માકુમાર ભાઈઓ બહેનોને આગળ રાખી, સન્માન આપી તન, મન, ધન, સંબંધ, સંકલ્પથી સેવા કરે છે.

બાબાએ જેમનું દિવ્ય ઘડતર કર્યું તેવાં અનેક દાદીઓએ સમગ્ર વિશ્વમાં ઈશ્વરીય સંદેશ આપીને પરમાત્માની અવતરણ ભૂમિનું નામ રોશન કર્યું છે. પ્રારંભમાં બ્રહ્માબાબાની સાથે માતેશ્વરી જગદંબા સરસ્વતીજી હતાં. તેઓ સંસ્થાનાં પ્રથમ મુખ્ય પ્રશાસિકા હતાં. બાબાના અવ્યક્ત થયા પછી દાદી પ્રકાશમણિજી અને દીદી મનમોહિનીજીએ સંસ્થાનું સંચાલન કર્યું. દાદીના અવ્યક્ત થયા પછી રાજયોગિની દાદી જાનકીજી, દાદી હૃદયમોહિનીજીએ સંચાલન કર્યું. એમના સહયોગમાં દાદી ચંદ્રમણિજી તથા દાદી નિર્મલશાંતાજી હતાં. બાબાએ એવાં અણમોલ રત્નો તૈયાર કર્યાં છે કે જેની યાદી ઘણી મોટી છે.

વર્તમાન સમયે મુખ્ય પ્રશાસિકાપદે રાજયોગિની દાદી રતનમોહિનીજી છે. અધિક મુખ્ય પ્રશાસિકા તરીકે રાજયોગિની મોહિનીદીદી અને રાજયોગિની જયંતીદીદી છે. સંયુક્ત મુખ્ય પ્રશાસિકાપદે રાજયોગિની ડો. નિર્મલાદીદી હતાં. થોડા સમય પહેલાં જ ડો. નિર્મલાદીદી અવ્યક્ત વતનવાસી બન્યાં. એમના સ્થાને જર્મનીમાં સેવા આપતાં બ્ર.કુ. સુદેશદીદીને મધ્યસ્થ સમિતિએ પસંદ કર્યાં છે. તેમના સહયોગમાં ભરૂચનાં બ્ર.કુ. પ્રભાબેન છે. સંયુક્ત પ્રશાસિકા પદે રાજયોગિની બ્ર.કુ. સંતોષદીદી, રાજયોગિની બ્ર.કુ. મુન્નીદીદી તથા રાજયોગિની બ્ર.કુ. શશીપ્રભાદીદી છે.

સંસ્થાના સેક્રેટરી જનરલ પદે રાજયોગી બ્ર.કુ. નિર્વૈરભાઈ, અધિક સેક્રેટરી જનરલ તરીકે રાજયોગી વૃજમોહનભાઈ અને કાર્યવાહક મંત્રી તરીકે બ્ર.કુ. મૃત્યુંજયભાઈ છે. બાબાએ બાબાની ઝૂંપડીમાં બેસીને વિશ્વના અનેક આત્માઓને યોગદાન આપ્યાં હતાં. જેથી આજે વિશ્વના 140 દેશોમાં સંસ્થાનાં સેવાકેન્દ્રો આવેલાં છે.

બ્રહ્માબાબાએ 18 જાન્યુઆરી 1969ના દિવસે સંપૂર્ણ કર્માતીત અવસ્થા પ્રાપ્ત કરી.

**॥ ઓમશાંતિ ॥**

---

**(પેજ નં. 05નું અનુસંધાન)... તંત્રી સ્થાનેથી**

પાંડવભવનમાં અનુભવાય છે. બાબાનો ઓરડો, બાબાની ઝૂંપડી, હીસ્ટ્રી હોલમાં બાબાની દિવ્યતાનો આંદોલનો અનુભવાય છે. દેશવિદેશના બ્રહ્માવત્સો અને મુલાકાતીઓ, વિશિષ્ટ વ્યક્તિઓ આજે પણ આ દિવ્ય પવિત્ર સ્થળો દિવ્યતા અને શક્તિનો અનુભવ કરાવે છે. તો શાંતિસ્તંભ દિવ્યજીવન જીવવાની અદ્ભુત પ્રેરણા આપે છે. આપ સૌનું જીવન દિવ્ય, ધન્ય બને તેવી અંતરમનની શુભકામનાઓ સાથે વિરમું છું.

**॥ ૐ શાંતિ ॥**

**- બ્ર.કુ. કાલિદાસ**

# સત્ય દુનિયાને લાયક બની

## બાબાના અરમાન પૂરાં કરવાના છે

બ્ર.કુ. જગદીશચંદ્ર, દિલ્હી



મને દિલ્હીની એક ઘટના યાદ છે, એક માલિકના ઘરમાં એક ભાડૂઆત બેસી ગયો. તે ઘર ખાલી કરવા માટે તૈયાર નહોતો. માલિક કોર્ટમાં ગયો. એનો ચૂકાદો મેળવવામાં 45 લાખ રૂપિયા ખર્ચાઈ ગયા. ભાડૂઆત ઘણો ચાલાક આદમી હતો. તેણે સારામાં સારો વકીલ રાખીને 45 સુધી કેસ ચાલુ રાખ્યો. છેવટે મકાન માલિકને સુપ્રીમ કોર્ટ સુખી જવું પડ્યું. મકાન માલિક મરી ગયો. એનો પુત્ર પણ મરી ગયો. એમના પૌત્રોને એ મકાન મળ્યું. 45 વર્ષ સુધી કોર્ટમાં લડીને શું મેળવ્યું? પોતાના ઘરમાંથી એક ભાડૂઆતને કાઢ્યો. પોતાના ઘરને જ છોડાવવા માટે 45 વર્ષ સુધી ન્યાય માટે લડવું પડ્યું. જુઓ ન્યાય કેવો છે! ખોદ્યો પહાડ અને નીકળ્યો ઉંદર.

45 વર્ષ પછી એ મકાનની હાલત કેવી થઈ હશે. આવા છે કલિયુગના કાયદા. બાબાએ કહ્યું છે તમે લો મેકર (કાયદા બનાવનાર) આપનું ભવિષ્ય કેવું છે. લોકો ભવિષ્યને જાણવા માટે જ્યોતિષીને પોતાનો હાથ બતાવે છે. પરંતુ પરમાત્મા આપણા ભાગ્યની રેખાઓને વધારનાર જ નહીં પણ તેઓ કહે છે આ અધિકાર હું આપને પણ આપું છું. જે ભાઈ-બહેનો બીજાઓને જ્ઞાન આપે છે, યોગ શીખવાડે છે, પવિત્ર બનાવે છે. એમણે પણ એમની ભાગ્યરેખા બનાવીને. દુનિયામાં એવું કોઈ છે કે જે 5000 વર્ષ માટે કોઈના ભાગ્યને ઉજ્જવલ, મહાન, સર્વશ્રેષ્ઠ બનાવી દે. અને 2500 વર્ષ સુધી કોઈપણ પ્રકારનાં દુઃખ, અશાંતિ, કષ્ટ, ક્લેશ તનનું મનનું, ધનનું કોઈપણ પ્રકારનું ના હોય.

કેટલીક વાર તો લોકો આપસમાં ચર્ચા કરે છે, એકબીજાની કટુ આલોચના પણ કરે છે કે આ ચોરબજારી કરે છે. કાળાબજાર કરે છે. આ ભ્રષ્ટ આદમી છે. જ્યારે એમાંથી કોઈ મરી જાય છે તો લોકો એના બેસણાની જાહેરાતમાં લખે છે કે આ સારો આદમી હતો. એના મૃત્યુથી દેશ-વિદેશને ઘણી ખોટ પડી છે. હવે એની જગ્યા ભરવી મુશ્કેલ છે. કાલ સુધી એ કહેતા હતા તે ગદ્દાર આદમી છે વગેરે. જ્યારે તે જીવતો હતો ત્યારે તેની વિરુદ્ધ દેખાવો (પ્રદર્શન) કરતા હતા. એના માટે સારું-ખોટું બોલતા હતા. પણ મરી ગયો એટલે એને શ્રદ્ધાંજલિ આપતી વખતે એનાં ગુણગાન કરે છે. જાણે કે કોઈ મહાન દેશભક્ત, દેશપ્રેમી મરી ગયો હોય કારણ કે જીભને તો કોઈ હાડકું નથી. જેમ ફાવે તેમ બોલો. પણ આ સત્ય તો નથી જ.

એટલે બાબા કહે છે કે કલિયુગમાં 'જૂઠ તો જૂઠ, સચકી રતી ભી નહીં.' રતી શું હોય છે, જાણો છો? પહેલાં તોલા, માશા, રત્તી, મણ છટાંક હતા. આઠ ચોખાની એક રત્તી હતી. બાબા કહે છે દુનિયામાં આટલું પણ સત્ય નથી, આવો છે કલિયુગ. સતયુગ એ રીતે સત્ય જ સત્ય, જૂઠની રત્તી પણ હોતી નથી. આવી જૂઠી દુનિયામાં રહીને આપણે સર્વને સત્યની દુનિયાને લાયક બનાવવાના છે. બાબાના અરમાન પૂરા કરનાર બનવાનું છે.

॥ ઓમશાંતિ ॥

### પ્રસન્નતાના પથ પર

# આશીર્વાદ - અસંભવને પણ સંભવ બનાવી દે છે

બ્ર.કુ. શિવાનીબેન, ગુરુગ્રામ, હરિયાણા



આપણે જીવનમાં કદી પણ કોઈને કોઈ ચીજ માટે એમ કહેવાનું નથી કે 'હું કોશિશ કરીશ.' પરમાત્મા કહે છે 'માત્ર હાંજી' કરો તો બાકીનું કામ તે (પરમાત્મા) સ્વયં કરી લેશે. જ્યારે આપનું સંતાન આપને કોઈ ચીજ માટે 'હાજી' કરે છે તો આપ એને કેટલી દુઆઓ અને આશીર્વાદ આપો છો. આશીર્વાદ અસંભવને પણ સંભવ બનાવી દે છે. જીવનમાં મોટામાં મોટાં વિઘ્નોને પણ સમાપ્ત કરી દે છે. આ તો મનુષ્યાત્માઓના આશીર્વાદ છે. વિચારો જો આપણને પરમાત્માનાં આશીર્વાદ મળે તો જીવનમાં કેવું પરિવર્તન આવી જાય.

આપ આજ સુધી જે જે ચીજો માટે કહી રહ્યા હતા ઠીક છે, ઠીક છે, વિચારીએ છીએ, કોશિશ કરીશું. આજથી એને બદલો છો કે બધું પરમાત્મા કરાવી રહ્યા છે. એનાથી બધાં કાર્ય સહજ બની જાય છે એને લાખો લોકોએ જીવનમાં અપનાવ્યું છે અત્યાર સુધી આપણે ડાર્ક સર્કલમાં જીવી રહ્યા હતા. હવે આપણે એમાંથી નીકળીને વ્હાઈટ (સફેદ) સર્કલમાં જવાનું છે. જો આપણે એવું કંઈ પણ ખાધું, પીધું જેનું વાયબ્રેશન ડાર્ક છે, નકારાત્મક ઉર્જા છે. તો પછી મહેનત વધારે લાગશે અને પરિણામ ઓછું મળશે. જો આપણે ખાવા, પીવાની ચીજોને સાત્ત્વિક બનાવી દીધી, તો એનાથી જીવનમાં ઘણા ફાયદાઓ થાય છે. કેટલીક વાર આપણે વિચારીએ છીએ કે આ નહીં કરો, આ નહીં કરો તેવા બહુ નિયમો છે. પણ આ નિયમો નથી પણ આપણાં ફાયદાની વાત છે, પરહેજ (ચરી) છે. જેમ આપણે કોઈ બીમારીનો ઈલાજ કરાવવા ડો. પાસે જઈએ છીએ તો તે શું કરે છે, તે દવા પણ આપે છે સાથે સાથે પરહેજ પણ જણાવે છે, એ રીતે ઈશ્વરીય જ્ઞાન પણ એક દવા છે. જે આપણા મનની બીમારીનો ઈલાજ કરે છે. આપે પોતાના જીવનમાં સાચું જ્ઞાન લેવાનું શરૂ કર્યું અર્થાત્ આપે દવા લેવાની શરૂઆત કરી. દવાની સાથે પરહેજ હોય છે ત્યારે બીમારી જલદીથી સારી થાય છે. એનો માત્ર ત્રણ મહિના માટે અનુભવ કરીને જોવાનું છે. આપે 'હાજી' પણ સ્વયં અને પરમાત્મા માટે કરવાની છે.

મોબાઈલ વિશે પણ વાત કરવી જરૂરી છે. આખો દિવસ મોબાઈલનો ઉપયોગના કરીએ તેવું બની શકે. સ્વયંને પૂછીએ ફોન આપણી પાસેથી શું છૂંટવી રહ્યો છે. તે શા માટે આપણા સમયને બગાડી રહ્યો છે. વાસ્તવમાં ફોન આપણને નુકસાન કરતો નથી પણ આખો દિવસ આપણે જોઈ રહ્યા છીએ, વાંચી રહ્યા છીએ, સાંભળી રહ્યા છીએ તે નુકસાનકારક છે. ફોનનો ફોન તરીકે ઉપયોગ કરવાનો હતો પણ આજે તે શું બની ગયો છે? સૂચનાઓ, માહિતીઓનો ધોધ માહિતીની ગુણવત્તા પણ કેવી છે. આપણે જે સાંભળીશું, જોઈશું, વાંચીશું તેવા બનીશું. આ લો છે. કેટલાક લોકો કહે છે કે જોયા વિના કઈ રીતે. ખબર પડે કે આ સારી ચીજ છે કે નહીં. આપણને ગોસિપ કરવા માટે લોકોની જરૂર નથી. ગોસિપ આખો દિવસ ઓનલાઈન મળે જ છે. આપણે આજકાલ

(અનુસંધાન પેજ નં. 33 પર)

# આપણે માંગનારા નહીં પણ અધિકારી બાળકો છીએ

## બ્ર.કુ. રાજયોગિની દાદી પ્રકાશમણિજી, પૂર્વ મુખ્ય પ્રશાસિકા, શાંતિવન, આબુરોડ



જ્યારે હું કોઈના મુખથી સાંભળું છું બાબા, આપ શક્તિ આપજો. હું કહું છું કે શક્તિ શા માટે માંગો છો. શું મારા માગવાથી તે આપશે. આપણે માગનારાં ભક્ત નહીં પણ અધિકારી બાળકો છીએ. અધિકારી બાળકોના મુખેથી જ્યારે આવા શબ્દો નીકળે છે. તો હું મારા કાનોથી સાંભળવા ઈચ્છતી નથી. લૂંટાવનાર બાબા કહે છે તૂં લૂંટ, જેટલું જોઈએ તેટલું લૂંટ. બાબા તો સાગર છે, સૂકાઈ જનારું તળાવ નથી. આ રીતે નિરંતર સ્વમાનમાં રહો. નશામાં રહેશો તો કદી સ્થિતિ ડગમગ થશે નહીં.

અમૃતવેળાથી ઉઠીને રોજ એકજ ધૂન લગાવો કે મારા બાબા મળી ગયા. આ શિવબાબાની રુહાની ભાંગ પી લો, તો ઘૂંટી ઘૂંટીને રુહાની નશો ચઢાવી દો. બસ આ મસ્તીમાં રહો તો બાકી દુન્યવી સર્વ મસ્તીઓ સમાપ્ત થઈ જશે. મને કેટલીકવાર હસવું પણ આવે છે અને રહેમ પણ આવે છે કે કોઈ એમ કહે છે કે મને એટલો નિશ્ચય બેસતો નથી. મને તે ભગવાન મળી ગયા છે એ અંદરથી આવતું નથી. મને રહેમ આવે છે આવા વિધાનો પર હું કહું છું. બાબા આપ કેટલા પ્યારા છો, પરંતુ ગુપ્ત છો. બાબા એમની સામે તું વાદળ રાખીને શા માટે બેઠો છે? જેથી વાદળો વચ્ચે ઢંકાયેલા આપ સૂર્ય (પરમાત્મા)ને આ લોકો જાણતા નથી. હું બાબાને કહું છું એમની સામેથી વાદળ હટાવી લો તો આપને જોઈ શકે, કે તું કોણ છે. તારી આટલી શક્તિઓનાં કિરણો તેમને શા માટે દેખાતાં નથી. શું એમને દિવ્યબુદ્ધિ નથી મળી? વાસ્તવમાં પોતાનામાં રહેલો સૂક્ષ્મમાં પોતાના દેહ અભિમાનનો નશો. એટલે જ્ઞાન સૂર્યની શક્તિને ઓળખી શકતા નથી.

કેટલીક વાર મનમાં એ સંકલ્પ ચાલે છે કે આ જીવનનો સોદો છે. એ માલૂમ નથી કે જીવન ચાલી શકશે યા નહીં. માલૂમ નથી કે મારું ભવિષ્ય ઉજ્વળ છે. સમજી વિચારીને ડગ ભરવા જોઈએ. કોણ જાણે જીવનનો કેવો વળાંક આવે. લગ્ન તો શા માટે કરવું? શાદી તો બરબાદી છે. બાબાનાં બનીને રહીએ તે બરાબર છે. પણ મને એ ખબર નથી કે મારા સંસ્કાર કઈ રીતના હશે. બીજાઓના સંસ્કાર કેવા હશે. સેવામાં આગળ વધીએ પણ સફળતા ના મળે તો. એવું ના બને કે આ દુનિયાથી પણ જઈએ. દાદીઓ તો કહે છે તમારે બ્રહ્માકુમારી બનવાનું છે. તે તો બરાબર છે. બ્રહ્માકુમારી તો ઠીક પોતાના પગ ઉપર ઊભા રહેવું જોઈએ અર્થાત્ આર્થિક કમાણી કરવી જોઈએ. કોઈના ઉપર બોજરૂપ ના બનવું જોઈએ. હું સેન્ટર પર રહું મારે કાંઈક જોઈએ તો માંગુ. આ તો મારાથી નહીં થાય. કોઈના દાનથી હું ખુદનું જીવન કેવી રીતે જીવીશ. બીજાના દાનથી હું રોટલી (ખોરાક) ખાઉં. આ તો મારાથી નહીં બની શકે. હું કમાઈશ તો યજ્ઞમાં ધનથી સેવા કરી શકીશ. એ ખબર નથી કે સેન્ટર પર રહું પણ એકબીજાથી ના બને તો. બેસીને મન ખરાબ કરું એના કરતાં દૂરબાજ, ખુશબાજ રહેવું જ ઠીક છે. તેથી હું પરતંત્ર તો નહીં રહું ને, સ્વતંત્ર રહેવું સારું.

બાબા કહે છે કે ન્યારા રહેશો તો પ્યારા

(અનુસંધાન પેજ નં. 32 પર)

## અમૃતધારા

# થોડો પણ ન્યારા પણાનો અભાવ છે. દેહભાનમાં છીએ, તો બાબાનો પ્રેમ ખેંચી શકતા નથી.

રાજયોગિની દાદી જાનકીજી, પૂર્વ મુખ્ય પ્રશાસિકા, શાંતિવન, આબુરોડ



બાબા પાસેથી આપણે દૃષ્ટિ લઈએ છીએ પણ સ્વયંને પૂછો કે આપણું ચરિત્ર કેવું છે? શિવબાબાએ બ્રહ્માબાબાના રથને સમજી વિચારીને લીધો છે. બાબાને જોઈએ છીએ ત્યારે સાકાર, અવ્યક્ત, નિરાકાર ત્રણેયની ઓળખ છે. દરેક લોકો બાબાને જોઈ રહ્યા છે. બાબા અવ્યક્ત રૂપમાં કઈ રીતે ગુલઝારદાદીના તનમાં આપણી સામે પોતાની નજરથી નિહાલ કરવા આવે છે. બાબા પોતાની નજરથી કેવી ભાસના આપે છે. તે મારા બાબા છે. બાબા કહે છે તમે મારાં બાળકો છો. ટીચરના રૂપમાં કેટલું સારું ઈશ્વરીય જ્ઞાનનું શિક્ષણ આપી રહ્યા છે. ભણતર પર જ્યારે આપણે મનન, ચિંતન, મંથન કરીએ છીએ તો જ્ઞાનના એક એક બોલ રત્નની બરાબર છે. રત્નોની ઘણી વેલ્યુ હોય છે.

આત્મા, પરમાત્મા અને ડ્રામા. આત્માની ગહનતામાં જાઓ. આત્મા શરીરમાં હોવા છતાં હું પણું કે દેહનું અભિમાન હોતું નથી. બાબાએ દેહમાં રહેવા છતાં દેહભાનથી છોડાવી દીધા છે. હવે બાબા ઈશારો આપે છે કે દેહના ભાનથી પરે રહો. જ્યારે આટલા બધા લોકો (બ્રહ્માવત્સો) શાંતિમાં બેઠા છે તે સૌનું અટેન્શન છે કે હું કોણ? મારું કોણ? બાબાએ આત્માની સમજણ આપી છે. આ ડ્રામામાં આત્માનો પોતાનો પાર્ટ છે.

દરેકનો એક જેવો પાર્ટ હોઈ શકતો નથી. દરેકનો પાર્ટ પોતપોતાની રીતનો છે. આ સ્મૃતિ રિગાર્ડ (આદર) રાખવાનો સારો રેકોર્ડ બનાવે છે. ડ્રામામાં દેશ, વિદેશથી આવનાર આત્માઓ બાબાનાં બાળકો છે. અત્યારે પણ જોઈએ છીએ કે દેહભાનથી, સંબંધથી ન્યારા છે. ન્યારા બનવામાં બાબાનો પ્રેમ ખેંચે છે. દેહભાનમાં હોઈએ છીએ તો બાબાનો પ્રેમ ખેંચી શકતા નથી. બાબા તો દરેક આત્મા ઘર (પરમધામ) જવાનો ઈશારો આપે છે. પરમધામથી સર્વ આત્માઓ નીચે આવશે પછી જ ઉપર જવાનું શરૂ થશે. આપણે તો બાબાની સાથે પહેલાં જઈશું તે વાતની ખુશી છે. અહીં બાબાએ કેટલાયે આત્માઓની સેવા કરાવી છે. ભગવાન મારા બાપ છે, સેવા મારું ભાગ્ય છે. આવી શ્રીમત બાબાએ બાળકોને આપી છે. તો સ્વયંને મનમત, પરમતથી મુક્ત કરી દીધા છે. આ વાતની મને બહુ ખુશી છે. આ રીતે જેઓ મુક્ત થયા છે તેઓ સાચી રીતે હાથ ઊંચો કરો. કારણ કે શ્રીમતમાં બહુ શક્તિ છે. બાબા વિસ્તારથી સર્વ કાંઈ સમજાવે છે તેથી જ સેવામાં આટલી વૃદ્ધિ થઈ છે.


જ્યારે અધર્મનો નાશ થવાનો છે તો આપણામાં કોઈપણ વિકર્મ રહી ગયાં હોય તો વિનાશ પહેલાં તેને દગ્ધ કરી દો. શંકરના રૂપમાં અર્થાત્ અશરીરી અવસ્થાથી, લક્ષ્ય અનુસાર વિષ્ણુ સમાન બનવાનો પુરુષાર્થ કરવાનો છે. મારે કમલપુષ્પ સમાન રહેવાનું છે. અંદરમાં એ અભ્યાસ ચાલતો રહે. બાબાએ મને સારો

(અનુસંધાન પેજ નં. 33 પર)

## પવિત્ર ગૃહસ્થાશ્રમના પ્રણેતા -

# રાજયોગી ભ્રાતા રમેશ શાહ જી

### બ્ર.કુ. હેમંતભાઈ, શાંતિવન



ગીતામાં કામ વિકારને મહાશત્રુ કહ્યો છે, જેને પતિ-પત્ની સાથે રહેવાથી જીતી ન શક્યા, તો આગ અને કપાસ સાથે ન રહી શકે એમ માની સાધકો સંસારને છોડી વનમાં ગયા. જ્યાં મોટાં-મોટાં ધીરજવાન ધૂરંધર જ્ઞાની-ધ્યાની લોકો વાસનાના પ્રબળ પ્રવાહમાં વહી ગયા, ત્યાં રાજયોગી રમેશભાઈએ જેઓ તેમનાં પત્ની સાથે રહીને પણ જીવનભર પવિત્ર રહી, યોગબળ અને દ્રઢ ઇચ્છાશક્તિથી કામ વિકારને હરાવવાનો ચમત્કાર કરી બતાવ્યો અને 'કામ જીતે જગત જીત' બની ભ્રાતાજી વિશ્વના ઈતિહાસમાં એક ઉદાહરણ બની ગયા. પવિત્રતાના ધર્મ અને મર્મને ખૂબ સારી રીતે સમજી, રમેશભાઈ અને ઉષાબહેને ધ્યેયપૂર્વક બ્રહ્મચર્યનું વ્રત લીધું. પવિત્ર લગ્ન કરી પવિત્ર ગૃહસ્થાશ્રમનો આદર્શ પ્રસ્થાપિત કર્યો. મુંબઈ જેવી માયાનગરીમાં રહીને પણ, કાદવમાં ખીલેલા કમળના પુષ્પોની જેમ તેમનું પાવન જીવન પવિત્રતા માટે સમર્પિત હતું. કામુકતાના યુગમાં, ઘર ગૃહસ્થમાં પત્ની સાથે બ્રહ્મચર્યનું પાલન કરી સ્ત્રી-પુરુષને પવિત્ર રહેવાની પ્રેરણા આપનાર રમેશભાઈ, વાસનાના તોફાનમાં પવિત્રતાનો કિનારો બતાવનાર પ્રકાશની ચૈતન્ય દીવાદાંડી જ હતા.

ભ્રાતા રમેશભાઈનો જન્મ 5 ફેબ્રુઆરી, 1934ના રોજ ગુજરાતના ભાવનગરમાં એક ભક્તિપ્રધાન પરિવારમાં થયો હતો. પિતાનું નામ 'શ્રી નાનાલાલ શાહ' અને માતાનું નામ હતું 'શાંતાદેવી' ભ્રાતાજીએ બાળપણમાં જ રામાયણ, મહાભારત અને ભાગવત ગ્રંથોનો અભ્યાસ કર્યો. સાથે જ પૂર્વ-પશ્ચિમનું તત્વજ્ઞાન અને વિશ્વ ઇતિહાસનો પણ ઊંડો અભ્યાસ કર્યો હતો. શાળામાં તેજસ્વી વિદ્યાર્થી રહેલા રમેશભાઈને 12મા ધોરણ સુધી શિષ્યવૃત્તિ મળતી રહી, જે તેઓ તેમના પિતાની ઈચ્છા મુજબ જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને આપી દેતા હતા. તેમને રમત-ગમતમાં પણ રસ હતો. તેમણે મુંબઈ યુનિવર્સિટીમાંથી બી.કોમ કર્યું. એલ.એલ. બી.માં સ્નાતક થયા અને 1957માં ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની પરીક્ષામાં સમગ્ર દેશમાં પ્રથમ સ્થાન મેળવીને ગોલ્ડ મેડલ જીત્યા. સી.એ.ની પરીક્ષા પાસ કર્યા પછી, ભાઈજી મુંબઈ યુનિવર્સિટીની કોલેજમાં ફિલોસોફી અને એકાઉન્ટન્સીના પ્રોફેસર રહ્યા. પાંડુરંગ શાસ્ત્રી આઠવલેજીની તત્વજ્ઞાન વિદ્યાપીઠમાં ભ્રાતાજી માનદ સેવાઓ આપતા રહ્યા.

સન્ 1952માં બ્રહ્માકુમારી બહેનો સેવા માટે મુંબઈ ગયા, તેમના સંપર્કમાં શાંતામાતા આવ્યા, પછી 19 સપ્ટેમ્બર 1952ના શુભ દિવસે, લૌકિક માતાજી દ્વારા, રમેશભાઈ બહેનોને મળ્યા. 1953માં તેઓ માતેશ્વરીને મળ્યા. કિડની સ્ટોનના ઓપરેશન માટે મુંબઈ ગયેલા બ્રહ્માબાબા સાથે તેમની પહેલી મુલાકાત હોસ્પિટલમાં થઈ. પિતાશ્રીની શાંત મુદ્રા, વિશાળ લલાટ, તેજસ્વી મુખારવિંદ, મનમોહક વ્યક્તિત્વએ રમેશભાઈને સંમ્મોહિત કરી દીધા. પલંગ પર સૂતેલા બાબાને જોતાં જ તેમને લાગ્યું કે જાણે તેઓ અજંટા-

ઇલોરાની ગુફામાં શિલા (પથ્થર) પર સૂતેલા ગૌતમ બુદ્ધને જોતા હોય. તેમણે પૂછ્યું, 'બાબા કેમ છો?' તો બાબાએ કહ્યું, 'બહુ સરસ' તેથી તેમણે આશ્ચર્યથી કહ્યું, 'બાબા, તમારું તો ઓપરેશન થયું છે' તો બાબાએ કહ્યું, 'મારું નહીં શરીરનું ઓપરેશન થયું છે' આમ કહીને બાબાએ આત્માનો પહેલો પાઠ ભણાવ્યો. જુલાઈ 1957માં બાબાને આમંત્રણ આપી, સાડા ચાર મહિના માટે ફ્લેટ બુક કરાવ્યો. પરંતુ બાબાએ 4 મહિનાની જ છૂટ્ટી આપી. તો તેમણે કહ્યું, 'ડ્રામા સર્વશક્તિમાન છે, તમારે રોકાવું જ પડશે.' તો બાબાએ કહ્યું, 'ના, હું 4 મહિના જ રહીશ.' દરરોજ પહેલા મમ્મા અને પછી બાબા મુરલી સંભળાવતા. 4 મહિના કેવી રીતે પસાર થઈ ગયા, ખબર જ ન પડી. શનિવારે જ્યારે વિશ્વકિશોર ભાઉ બાબાને ડોક્ટર પાસે લઈ ગયા ત્યારે ડોક્ટરે તેમને 'બ્લડ ટેસ્ટ પછી દવા આપીશ' એમ કહીને સોમવારે બ્લડ ટેસ્ટ કરાવવાનું કહ્યું, એ જ દિવસે સવારે બાબાને નીકળવાનું હતું. ત્રણ દિવસ પછી શુક્રવારે રિપોર્ટ મળવાનો હતો, તેથી બાબાને શુક્રવાર સુધી રોકાવું પડ્યું. શનિવાર અને રવિવારે રજાના દિવસે ભાઈ-બહેનોને મળવાની વિનંતી કરી, તો બાબા ટાળી ના શક્યા. બુક કરેલા ફ્લેટનાં થોડા દિવસો બાકી હતા, સાચે જ પૂરા સાડા ચાર મહિના રોકાવું પડ્યું, તેથી બાબા હસતા-હસતા બોલ્યા, 'હા રમેશ, ડ્રામા જ સર્વશક્તિમાન છે.'

રમેશભાઈ અને ઉષાબહેન જ્ઞાનના માર્ગમાં જોડાતા પહેલા પાંડુરંગ શાસ્ત્રીનાં અનુયાયીઓ હતા. રમેશભાઈએ શાસ્ત્રીજી દ્વારા ઉષાબહેનને ગાંધર્વ લગ્નનો પ્રસ્તાવ મૂક્યો હતો. બાબાને પવિત્રતા અતિ પ્રિય હતી, તેઓ ઈશ્વરીય જ્ઞાનનું પ્રેક્ટિકલ પ્રૂફ દુનિયાની સામે રજૂ કરવા માંગતા હતા, તેથી બાબા યુગલોને પ્રવૃત્તિ માર્ગમાં રહી બાળ-બ્રહ્મચારી રહેવાની પ્રેરણા આપતા, તેથી બાબાએ રમેશભાઈને કહ્યું, 'પવિત્ર રહીને આદર્શ પ્રવૃત્તિમાર્ગનું ઉદાહરણ બનીને બતાવો.' જ્યાં દાદી જાનકીએ ઉષાબેનમાં બળ ભરી, દ્રઢતાથી પવિત્રતાનું કડુ બાંધ્યું અને 1960માં બંનેએ બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા લઈ ડિવાઈન મેરેજ (ગાંધર્વ વિવાહ) કર્યા. ત્યારબાદ તેઓ 1961માં તેમના પરિવાર સાથે આબુ આવ્યા, ત્યારે તેઓ યજ્ઞ સહયોગી હતા. તેમને શાસ્ત્રોનાં જ્ઞાનનો નશો હતો, જેના કારણે બાબામાં એટલી શ્રદ્ધા નહોતી થઈ શકી. તેઓ 8-10 દિવસ બાબાની સાથે રહ્યા, પરંતુ તેમનું હૃદય એટલું પીગળ્યું નહોતું. પાછા ફરતી વખતે, બાબા મધુબનના પાછળના દરવાજા તરફના માર્ગે આવેલા વટવૃક્ષ સુધી વિદાય આપવા આવ્યા. પિતાશ્રીની આંખોમાં સ્ફટિક સમાન પ્રેમના બે મોતી ચમકવા લાગ્યા. એ અનમોલ મોતીઓને જોઈને રમેશભાઈના મનમાં વીજળી ચમકી, મનમાં ચેતના જાગી, ધબકારા વધી ગયા. એક ક્ષણમાં તેમને પ્રબળ વિચાર આવ્યો કે પિતાશ્રીનું હૃદય કેટલું નિર્મળ અને પ્રેમ સભર છે. આટલી મહાન વ્યક્તિ હોવા છતાં તેમના જેવી સામાન્ય વ્યક્તિ પર આટલો બધો પ્રેમ વરસાવી રહ્યા છે. તો પછી હું અસત્ય જ્ઞાનના કાંકરા ઉપાડનાર બગલા બનવાને બદલે પિતાશ્રીના પ્રેમના મોતી વીણનાર હંસ કેમ ન બનું? બાબાના નિઃસ્વાર્થ પ્રેમે ભાઈજીની તમામ શંકાઓ તથા હૃદયનાં અંતરને ભૂંસી નાખ્યા. તેમને હંમેશા માટે બાબાના દિવાના બનાવી દીધા. ત્યારથી, રમેશભાઈ અને ઉષાબેન પાક્કા યોગી બની, બ્રહ્માકુમારીઝના સાચા સેવાધારી અને સક્રિય કાર્યકર્તા બની ગયા.

ખરું કહું તો, બ્રહ્માબાબા જ રમેશભાઈના જીવન પરિવર્તનનાં આધાર હતા. જ્યારે પણ

બાબા મુંબઈ જતા, ત્યારે બગીચામાં ફરતાં-ફરતાં તેમને સેવાની વિવિધ પદ્ધતિઓ શીખવતા અને બાબા એક આદર્શ શિક્ષક બની તેમને જ્ઞાનના અસ્ત્ર-શસ્ત્રથી સુસજ્જ કરતા. એકવાર ચાર પાનાનું ફોલ્ડર છપાયું, તો બાબાએ એ ફોલ્ડરને અલગ-અલગ રીતે સમજાવવાની જુદી-જુદી રીતો શીખવી. એકવાર ભારત આવેલા એક અમેરિકન સન્યાસીને બપોરે મળવાનું હતું. તો 'તેમને જ્ઞાન કેવી રીતે આપવું' તે સમજાવવામાં બાબા એટલા મશગૂલ થઈ ગયા કે તેઓ રમેશભાઈને મૂકવા ખુલ્લા પગે લિફ્ટ સુધી ગયા. સેવામાંથી પાછા ફરે ત્યારે બાબા સંપૂર્ણ સમાચાર પણ લેતા. બાબાને તેઓ કારમાં પુના પણ લઈ ગયા, પરત ફરતી વખતે જ્યાં નાસ્તો કર્યો હતો તે સ્થાન યાદ કરાવ્યું, તો બાબાએ કહ્યું, 'દીકરા, યાદ તેને કરો જેમાં કમાણી હોય, બાકી બધું નકામું છે.' રમેશભાઈ એવાં અતિ પદમાપદમ સૌભાગ્યશાળી અનન્ય બ્રહ્માવત્સ હતા, જેમને બાબા-મમ્માની અતિ નિકટતા, સ્નેહ-સંપન્ન પાલના અને બધાં દીદી-દાદીઓનું સાનિધ્ય મળ્યું. એમના ઘરે બાબા-મમ્મા ઘણી વખત રોકાયા અને અનમોલ પાલના આપી. તેથી ભ્રાતા રમેશભાઈ યજ્ઞના ગુપ્ત ઈતિહાસના સાક્ષી પણ બની શક્યા.

એકવાર કાનપુરમાં મમ્માની તપાસ દરમિયાન ગાંઠ મળી, ત્યારે રમેશભાઈએ બ્રહ્મા-બાબાને કહ્યું, 'મમ્માને કાનપુરથી સીધા મુંબઈ મોકલો.' તો બાબાએ કહ્યું, 'મમ્માને ત્યાં ક્યાં રાખું?' તેઓએ કહ્યું, 'અમારા ઘરે.' બાબાએ કહ્યું, 'તમારું જૂનું ઘર તો હવે નથી રહ્યું.' તો તેમણે કહ્યું, 'શું મા બીમાર હોય તો તેને ઘરમાં નથી રાખતા? મારી બહેન અનિલા ડોક્ટર છે, તેથી તે સંભાળ રાખશે.' આમ કહીને બાબાનો બોજ હળવો કર્યો. મમ્માને ઘરે બોલાવીને તેમની સારવાર કરાવી. કેન્સરના છેલ્લા સ્ટેજમાં ડોકટરે કહ્યું કે મમ્મા થોડા દિવસના જ મહેમાન છે. તેથી ભાઈજીએ શીલેન્દ્રાદાદીને વિનંતી કરીને કહ્યું, 'દાદીજી, આપ વતનમાં જાઓ અને બાપદાદાને આપનાં તનમાં મોકલો, જેથી હું બાબાને મળી શકું.' દાદીએ સ્પષ્ટરૂપે ના પાડી અને કહ્યું, 'તમે આબુમાં બ્રહ્માબાબાને કહો, જો તેઓ હા કહે તો હું વતનમાં જઈશ, નહીંતર નહિં.' તો ભાઈએ કહ્યું, 'દાદીજી, મારે બાબા સાથે આવશ્યક વાત કરવી છે, આપ બાબાને મારી અરજી આપજો, પછી જેવી બાબાની મરજી' દાદી વતનમાં ગયા અને તેમના શરીરમાં ઓલમાઈટી બાબા આવ્યા (સર્વ-શક્તિમાન શિવબાબાને ઓલમાઇટી બાબા કહેતા). ભાઈજીની બાબા સાથે બે-અઢી કલાક વાતચીત ચાલી. રમેશભાઈએ અધિકાર સાથે કહ્યું, 'બાબા, તમે સુપ્રિમ સર્જન છો, તમે જ મમ્માની સારવાર કરો.' પણ બાબાએ કહ્યું, 'દીકરા, ડ્રામામાં આ જ મંજુર છે.' તો તેમની આંખોમાંથી ગંગા-જમુના વહેવા લાગ્યા, ત્યારે બાબાએ પોતાના જ હાથરૂમાલથી તે સ્નેહબિંદુ લૂછ્યા, જેથી સંદેશી (શિલેન્દ્રાદાદી)ને પણ ખબર ન પડે. ભાઈજીએ તરત જ મમ્માના આ સમાચાર બ્રહ્માબાબાને આપ્યા, તો બાબાએ કહ્યું, 'મમ્માનો સંદેશ મમ્માને જ સંભળાવો.' ભાઈજીએ આ વાત મમ્માને ચિઠ્ઠીમાં લખીને આપી, મમ્માએ તે વાંચીને માત્ર એટલું જ કહ્યું, 'ડ્રામાની ભાવિ.'

મૃત્યુનો સંદેશ સાંભળ્યા પછી પણ મમ્માની કેટલી મહાન, ઉંચી, અચલ-અડોલ અવસ્થા હતી.

પાંડવ ભવન વિશ્વકિશોર દાદાનાં નામે ખરીદવામાં આવ્યું હતું. દાદાની ઈચ્છા હતી કે વ્યક્તિના નામને બદલે પાંડવ ભવન સંસ્થાના નામે હોય, એ હેતુથી દાદાએ નામચીન વકીલો દ્વારા કાનુની દસ્તાવેજો કરાવ્યા, પરંતુ બ્રહ્મા-

બાબાએ તે સ્વીકાર્યા નહીં. દાદાની પ્રોસ્ટેટ સર્જરી કરવાનું નક્કી થયું ત્યારે દાદાએ બધી બાબતો ફાઇનલ કરી, રમેશભાઈ પાસે કાગળો બનાવડાવ્યા. બાબાની મંજુરી લેવા માટે દાદા અને રમેશભાઈ આબુ જવા નીકળ્યા. દાદાએ કહ્યું, 'આ બાબાને બતાવીશું, જો બાબા 'હા' કહે તો પાંડવ ભવન સંસ્થાના નામે કરી દઈશું.' બંને આબુ રોડ સ્ટેશન પર ઉતર્યા, ભોલીદાદી બાબાની ચિઠ્ઠી લઈને સ્ટેશન પર ઉભા હતા. બાબાએ લખ્યું હતું કે બંને સ્ટેશન પર સ્નાન કરી, પછી દસ્તાવેજ રજિસ્ટર્ડ કરીને જ માઉન્ટ આબુ આવજો. સ્ટેશન પર સ્નાન કરી દાદાએ સ્ટેમ્પ પેપર લીધા, સ્ટેમ્પ વેન્ડરે તેમને એક કલાક પછી આવવા કહ્યું. ત્યાંથી જ દાદાએ બાબાને ફોન કરીને પૂછ્યું કે દસ્તાવેજો બતાવવા આવીએ?તો બાબાએ નોંધણી કરાવ્યા પછી જ આવવા કહ્યું. આબુરોડ રજીસ્ટ્રાર ઓફિસમાં પેપર્સ રજીસ્ટર્ડ કરી તેઓ બંને માઉન્ટ આબુ ગયા. સાંજે બાબાને મળ્યા અને પૂછ્યું, 'બાબા, તમે પ્રખ્યાત વકીલોના દસ્તાવેજને બદલે રમેશભાઈએ તૈયાર કરેલા દસ્તાવેજો જ કેમ સ્વીકાર્યા?' તો બાબાએ કહ્યું, 'દીકરા, તમે ત્રિકાળદર્શી છો કે બાબા? તમે રમેશને પૂછો કે દસ્તાવેજો કોણે બનાવ્યા? મેં જ રમેશ દ્વારા દસ્તાવેજો કરાવ્યા, તો મારે ફરીથી જોવાની ક્યાં જરૂર હતી? આ રીતે રમેશભાઈને યજ્ઞના કાનુની કારોબારનું બાબા દ્વારા વરદાન મળી ગયું, દેશ - વિદેશમાં જંગમ - સ્થાવર મિલકતોને યજ્ઞ કે ટ્રસ્ટના નામે કરવા રમેશભાઈ નિમિત્ત બન્યા.

ભ્રાતા રમેશભાઈ ઈશ્વરીય ખજાનાના એવા અમૂલ્ય રત્ન હતા, જેમણે ગીતો, નાટકો, ટૂંકી ફિલ્મો, પ્રદર્શનીની શોધ દ્વારા સેવાઓને વિશાળ સ્વરૂપ આપ્યું. ચિત્ર પ્રદર્શની, પ્રોજેક્ટર શો દ્વારા લોકો સુધી પરમાત્મ સંદેશ પહોંચાડ્યો. બાબા ફિલ્મી ગીતો પર મુરલી ચલાવતા ત્યારે તેઓ કહેતા, 'અમે ફિલ્મો જોઈ છે, આ ગીત સાંભળીને ફિલ્મના દ્રશ્યો યાદ આવતાં જ યોગ તૂટી જાય છે, તેથી જ્ઞાનનાં આપણાં ગીતો હોવા જોઈએ'. પ્રથમ ગીત 'વસુધા કે ઈસ આંચલ મેં, શિવ સ્વાગત આજ તુમ્હારા', રેકોર્ડ કરી, અનેક ગીતો બનાવ્યા. પહેલી સાપ્તાહિક પ્રદર્શની બનાવી, 1964માં મહારાષ્ટ્રના તત્કાલીન રાજ્યપાલ શ્રી મંગળદાસજી દ્વારા તેનું ઉદ્‌ઘાટન કરાવ્યું. 1968માં, તેઓ વિદ્યાલય દ્વારા સ્થાપિત 'વર્લ્ડ રિન્યુઅલ સ્પિરિચ્યુઅલ ટ્રસ્ટ'નાં મેનેજિંગ ટ્રસ્ટી બન્યા. તેઓ 'બ્રહ્માકુમારીઝ એજ્યુકેશન સોસાયટી'ના ફાઉન્ડર સેક્રેટરી, 'રાજયોગા એજ્યુકેશન એન્ડ રિસર્ચ ફાઉન્ડેશન'નાં ઓર્ગેનાઈઝીંગ સેક્રેટરી, 'જ્યુરીસ્ટ વિંગ'ના પ્રમુખ અને 'સ્પાર્ક વિંગ'ના મુખ્ય સંચાલક રહ્યા. ૧૯૭૧માં રમેશભાઈએ વિદ્યાલય દ્વારા વિદેશ સેવા માટે ગયેલા પ્રથમ પ્રતિનિધિ મંડળના સૂત્રધાર બની વિદેશ સેવાનાં શ્રીગણેશ કર્યા. કાયદાના નિષ્ણાત હોવા ઉપરાંત ભાઈજી ગીતો અને નૃત્ય નાટકોના ઉત્તમ લેખક પણ હતા. તેમણે વૈશ્વિક ઈતિહાસને ઊંડાણપૂર્વક જાણી 'પુરુષોત્તમ સંગમયુગ', અને ધનનાં સદુપયોગની વ્યાખ્યા કરી 'પવિત્ર ધન' જેવા અમૂલ્ય પુસ્તકો લખ્યા.

ગોડલીવુડ સ્ટુડિયોના ચીફ બી.આર. હરિલાલભાઈ રમેશભાઈ તરફથી મળેલા પ્રેમને વ્યક્ત કરે છે, 'હું 1965માં ભ્રાતાજીનાં સંપર્કમાં આવ્યો, તેમણે જ મારો મમ્મા સાથે પરિચય કરાવ્યો હતો. તેમના જેવા ભાગ્યશાળી નથી જોયા, જેમનું ભાગ્ય તેમના કાર્યો અને કર્મોમાં સ્વતઃ પ્રગટ થયું હોય. તેમને ભવિષ્ય સ્પષ્ટ હતું, લોકો પ્રોપર્ટીનાં વારસદાર મેળવવા વંશવૃદ્ધિ કરે, પરંતુ તેઓ કહેતા કે 'અમે તો છીએ જ સમર્પિત.

બાબા જ વારસદાર છે.' આથી, મૃત્યુ પહેલાં વિલ કરતાં ગયા, વિલ સરળતાથી ક્લિયર થઈ ગયું, તેની કિંમત એક રૂપિયાથી વધીને દોઢ રૂપિયા થઈ, પરંતુ ઓછી ના થઈ. તેઓ ઘણા લોકોના વિલ (મૃત્યુપત્ર) પણ આપતા ગયા, પરંતુ કેટલાકના એક રૂપિયાની કિંમત માત્ર ૫૦ કે ૭૫ પૈસા જ થઈ. તેમની દિલની ઈચ્છાઓ પ્રમાણે દરેક વસ્તુ, ઘર, ઓફિસ બધું જ સફળ થયું. કફલિન, ટાઈ, ટાઈપીન પણ સ્ટુડિયોમાં ઉપયોગી થયા. તેઓએ કોઈનો ગેરલાભ નહોતો લીધો. અમે સાથે આવતા જતા, પણ પ્રવાસની ટિકિટ પણ યજ્ઞમાંથી ન લેતા. અનુશાસન પ્રિય હોવા છતાં તેઓ ઉદાર અને પ્રેમાળ વ્યક્તિત્વ ધરાવતા હતા. સંબંધો પ્રત્યે ખૂબ જ સંવેદનશીલ હોવાને કારણે તેઓ સંબંધો પણ ખૂબ જ સારી રીતે નિભાવતા હતા. મારો તેમની સાથે ઘરેલુ સંબંધ હતો, તેઓ હંમેશા મને મોટા ભાઈનો અજબ પ્રેમ આપતાં. ઉષાબેનના દેહત્યાગ બાદ તેઓ દર બુધવારે ઓફિસેથી સીધા ઘરે બોલાવતા. ઉત્સાહથી મનપસંદ ભોજન બનાવતા. અમે કચ્છી છાશ પીતા એટલે તેઓ તે જરૂર બનાવતા. પરિવારની ખબર પૂછતાં, દરેક વાતની ચર્ચા કરતા. ઘર માટે મુખવાસ બનાવીને આપતા. તેમનામાં બીજાને પોતાના બનાવવાની કળા ખૂબ જ અદભુત હતી. તેઓ મને સમર્પિત કરાવી ગોડલીવુડ સ્ટુડિયોની જવાબદારી સોંપીને ગયા.

રમેશભાઈના સેવાસાથી નિર્મલભાઈ તેમની ખૂબીઓ અને અંતિમ સ્થિતિ સંભળાવે છે, 'ભાઈજી પાક્કા યજ્ઞરક્ષક હતા, યજ્ઞનું અહિત જોઈ શકતા ન હતા, તેઓ નુકસાન કરનાર પ્રત્યે કઠોર બની જતા. તેઓ જેટલા શિસ્તબદ્ધ હતા તેટલા જ નરમદિલ હતા. ભાઈજી એટલા ભાવનાપ્રધાન હતા કે જ્યારે પણ કોઈ નાટકમાં દુઃખદ દ્રશ્ય જોતા તો તેમની આંખો ભાવુક્તાથી ભરાઈ આવતી. જો કોઈને કંઈક બોલી દેતાં, તો તેમને પછીથી લાગી આવતું. સત્યપ્રિય ભાઈ, પીઠ પાછળ નિંદા કરવાને બદલે, નિખાલસ બની સામે બોલાવી તેને ભૂલ બતાવતા. તેઓ મફતમાં કંઈપણ ચીજ કે ભેટ લેતા નહિં, યજ્ઞમાંથી દવા લે તો પણ પૈસા આપતાં. તેઓ કહેતા, 'હું આપી નથી શકતો, તો લઈ પણ નથી શકતો.' બ્રહ્માકુમારીઝ સંચાલિત મુંબઈની બી.એચ.એસ. હોસ્પિટલમાં તેમનાં ભાઈ મધુભાઈએ સારવાર કરાવી, પરંતુ યોગિનીદીદીએ બિલ ન લીધું. એ ખબર પડી તો તેમણે બિલ ચૂક્તે કરાવ્યું. જો સેંટરથી ભોજન-ટોલી લેતા તો ભંડારીમાં પૈસા નાંખતા. તેઓ ઈકોનોમીનાં અવતાર હતા, ઝીરોનો બલ્બ સળગતો જોવે તો પણ તેઓ સાવચેત કરતાં. કાનૂની નિષ્ણાંત ભાઈ, દાદીઓને વિદેશયાત્રામાં કાયદાની જાણકારી આપી સજાગ કરતા. તેમની પારખુ નજરથી ભૂલ છુપાઈ ન શક્તી, એક બહેનની ફાઈલ જોઈને તેમણે તેનું નામ પૂછ્યું, તેણે કહ્યું વનિતા, પણ લખ્યું હતું 'વિનતા' ભાઈજી બહુ ઝડપથી ભૂલ પારખી લેતા. અંતે, હોસ્પિટલમાં અસહ્ય બીમારી હોવા છતાં, તેમના મુખેથી ના દર્દનો નિસાસો સાંભળ્યો કે ન તો ચહેરા પર પીડાના કોઈ ચિહ્નો જોયા. એકદમ ઉપરામ સ્થિતિ, અશરીરી અવસ્થા હતી. બ્રહ્માબાબા પ્રત્યેના તેમના અપાર પ્રેમને કારણે, અવ્યક્ત મહિનામાં જ, ભ્રાતા રમેશજીએ 28 જાન્યુઆરી, 2017ના રોજ તેમના નશ્વર દેહનો ત્યાગ કર્યો. સંપૂર્ણ ફરિશ્તા બ્રહ્માબાબાને મળવા, રમેશભાઈ ફરિશ્તા બની અવ્યક્ત વતનમાં ઉડી ગયા.

**॥ ઓમશાંતિ ॥**

**અનુવાદ-બ્ર.કુ. વિજય પોશિયા,**
**ઈન્ડિયા કોલોની, અમદાવાદ.**

# સંકલ્પોની રફતાર

બ્ર.કુ. રાજુભાઈ રીઝીયા, અમરેલી, લાઠી

ઈશ્વર પિતા પરમાત્માના રૂહાની બગીચામાં સંગમયુગના અમૂલ્ય સમયને પારખી બાકી બચેલા સમયને જીવન સફરમાં અમૂલ્ય બનાવવા માટે કેટલાક મહામૂલી સિધ્ધાંતોસભર સંકલ્પોની રફતાર સાથે બ્રાહ્મણ જીવનમાં બદલાવ જરૂરી છે. જેમાં દરેક માનવ આત્માની પોતાની આદતો જ સફળ કે નિષ્ફળ બનાવે છે. જો સંગમયુગી બ્રાહ્મણ જીવન સફળ બનાવવું જ હોય તો અમુક સંકલ્પોની ધારણાઓ ધારણ કરવી ખૂબ આવશ્યક છે. એ ધારણાઓ તમારા જીવનમાં ધારણ કરવાથી સમગ્ર સૃષ્ટિના અન્ય માનવ આત્માઓ એવું ધારણાત્મક જીવન નિહાળી પોતાનું જીવન પણ આપ સમાન બનાવવા ઈચ્છુક થશે જ. આવા સંકલ્પોથી જોત જોતામાં આપણું બ્રાહ્મણ જીવન પણ બદલાઈ જશે. તેવા સંકલ્પ શક્તિની અમુક સૂચિઓ અત્રે પ્રસ્તુત છે.

## નિર્ણાયક સંકલ્પ

એવા ઘણા બધા નિર્ણયો છે જે આપણે હંમેશા પછી ઉપર છોડતા આવ્યા છીએ. હંમેશા નિર્ણયશક્તિની કમજોરીના કારણે આપણે સમસ્યાઓમાં અટવાયેલા રહીએ છીએ. કોઈ ઠોસ નિર્ણય નથી લઈ શકતા. આમ જોઈએ તો હવે સમય બહુ ઓછો બચ્યો છે. વિશ્વના સફળ લોકોનો ઈતિહાસ તપાસો તો તેઓનો નિર્ણય કરવાનો અને તે દિશા તરફ અમલ કરવાનો સમયગાળો લગભગ જીરો છે. માટે જીવનમાં કંઈક હાંસલ કરવાની ચેષ્ટા સાથે કોઈ એક મજબૂત નિર્ણય લો અને તે નિર્ણયને સાચો સાબિત કરવા માટે એ દિશામાં તમારો બેસ્ટ પુરુષાર્થ કરો તો જરૂર સફળતા તમારા કદમોમાં હશે જ. નિર્ણય કરવો એ ખૂબ જ ગજબની આદત છે. દરેક મહારથી આત્માઓમાં આ આદત કેળવાયેલી છે. જેથી જ તેઓએ અદભુત સફળતાઓ પ્રાપ્ત કરી છે. માણસ જીવે ત્યાં સુધી વિદ્યાર્થી છે. શીખેલું જ્ઞાન જ જીવનભર ઉપયોગી બને છે. આપણે જ્યાં સંકળાયેલા છીએ તે ક્ષેત્રનું સંપૂર્ણ જ્ઞાન જાણવા મેળવવા માટે હંમેશા ઉત્સુક રહો. જે નિર્ણયથી તમે કલ્પના પણ નહી કરી હોય એટલી જ્ઞાનની ઉંચાઈ પ્રાપ્ત કરી શકશો.

## સમય સંકલ્પ

સમય એકમાત્ર એવી વસ્તુ છે કે જેની તમે સાથે જ ચાલી શકો છો. ન તો એની પાછળ કે ન તો એની આગળ તમે નીકળી શકો. સમય એટલો ફાસ્ટ જઈ રહ્યો છે કે, સમયની સાથે રહેવા માટે પણ દોડવું પડે તેમ છે. માટે જ સમય હંમેશા ઘટતો જ જાય છે. સમય ઉપર કોઈપણ ઘટનાની અસર કે ફર્ક નથી પડતો. આત્માના જીવન કાળમાં જે કંઈ ચાલી રહ્યું છે તે સમયના પડકારોનો સામનો કરી સમયની સાથે ચાલો. જો આ સમયની રફતારમાં એકવાર પણ તમે પાછળ રહી ગયા અને પછી ગમે તેટલી રેસ કરશો તો પણ પહેલાની જેમ પરિણામ ક્યારેય નહીં મેળવી શકો. માટે જીવનમાં એક લક્ષ નિર્ધારીત કરી તેની પ્રાપ્તિ અર્થ પુરુષાર્થ કરતા ચાલો. આપણા આત્માના જન્મથી જ સમય ચક્રની ઉલ્ટી ગણત્રીઓ શરૂ થાય છે. તે સમય રોજ લગાતાર ઘટતો જ જાય છે. માટે પોતાને અને સમયને ઓળખો અને સમય ઉપર યોગ્ય બાન લગાવી સમયને સફળ કરો. એટલે જ બાબા કહે છે ને કે, જાગૃત હૈ વો પાવત હૈ.. સોવત હૈ વો ખોવત હૈ... જે બાળકો જાગી રહ્યા છે તે નિરંતર

ભાગી રહ્યા છે. જે સુઈ રહ્યા છે તે ઘણું બધુ ખોઈ રહ્યા છે. માટે સમયને બિલકુલ નષ્ટ ન કરો. સમય પ્રતિ સંકલ્પનું સોપાન સિદ્ધ કરો.

'સમય કી ઈસ રફ્તાર કોઈ રોક નહીં સકતા અગર ચલા ગયા ભગવાન તો ફિર ઈસ સંગમ કે સિવા લૌટ નહિ સકતા.'

## અમૃત સંકલ્પ

રોજ સવારે વહેલા ઉઠવાની ટેવ પાડો. વહેલા ઉઠવું એજ આત્માની મૂળભૂત ઈચ્છા શક્તિ છે. અમૃત સમયમાં આપણા આત્માને લક્ષ પ્રાપ્તિનું કેટલું મહત્ત્વ છે.. ? સવારે વહેલા ઉઠવાથી જે એનર્જી, ઉર્જા પ્રાપ્ત થાય છે જે અન્ય લોકો કરતા સવિશેષ પ્રાપ્ત કરી શકાય છે. જો આ આદત કેળવવાથી દિવસભરમાં એવી કોઈ સમસ્યા કે પડકાર નહીં હોય કે જેમાં તમે પરાજીત થાવ. રાત્રે સુતી વખતે દિવસભરના લેખા જોખા પરમાત્મા સમક્ષ રજૂ કરી સવારે અમૃત સમયે ઉઠવાના એક મજબૂત સંકલ્પ સાથે સુઈ જશો તો સવારે અમૃત સમયે ઉઠવાની નિત્ય આદત પડી જશે.

## ઓળખ સંકલ્પ

ક્યારેક એકાંતમાં બેસીને વિચારો કે તમે તમારી માટે કેવું અને કેટલું જીવો છો..? તમે તમારા ભવિષ્યને સુધારવા માટે વર્તમાનમાં શું કરો છો..? તમે તમને ઓળખવાની કોશિશ કરો કે જે તમે ખુદ તમારી સાથે જીવનના બાકી બચેલા વર્ષો તમારી જ સાથે વિચાવવાના છે. માટે ખુદ પોતાની સાથે વિચાર વિમર્શ કરો કે ક્યાંથી આવ્યા...? શું મેળવ્યું...? હવે ક્યાં જવાનું છે...? સાથે શું આવશે...? બસ આટલુ વિચારવાથી જીવનમાં ઉઠતી તમામ સમસ્યાઓ/ ચુનૌતીઓને તમે ખુદ એક સાક્ષી બની મિટાવી શકશો. કેમ કે મોટા ભાગે માનવી પોતાની ભૂલોને સાચી સાબિત કરવા એન કેન પ્રકારે સવારવા સાવવામાં જ વ્યસ્ત રહે છે. પરિણામે અંત સમયે પ્રાપ્તિ શૂન્ય રહે છે. માટે જીવનની થયેલી ભૂલોને ભૂલો અને ખુદા દોસ્ત બનાવી ખુદને ઓળખો અને ખુદાઈ ખિદમતગાર બનો.

## જોખમી સંકલ્પ

આપણા સિદ્ધાંતો આપણી મંઝિલ અન્ય લોકોથી અલગ છે. તો આપણો માર્ગ પણ અલગ જ હોવો જોઈએ. આપણું પોતાનું લક્ષ પણ નક્કી જ છે. કોઈ એવી વાત કે જે તમોને મંજૂર નથી. જરૂરી નથી કે આપણે બીજાની રીતથી જીવીએ. એ યાદ રહે કે તમે આ જગતમાં એક સૌથી અલગ વિશેષ આત્મા છો. જ્યારે કોઈ પાયા વિહોણી ખોટી વાત તમારા સામે આવે તો તમે પરમાત્મ પ્રિય વિચારશીલ આત્મા છો. જે તમને ખુદને પોતાના લક્ષ પ્રાપ્તિ માટે બાધારૂપ વાતમાં, ખોટી વાતમાં અસંમત થવાનો પૂરો હક્ક અને અધિકાર છે. જે તમે તમારા આવા અસમંતિના નિર્ણયથી તમે લોકોની નજરમાં હાસ્યાસ્પદ પણ બનશો તેમ છતા તમે ભવિષ્યમાં પોતાની નજરમાંથી ક્યારેય ઉતરી નહીં જવાની ખુશી પણ રહેશે. મોટા ભાગના લોકોને બીજા શું કહેશે..? નો ડર સતાવે છે. પોતાના કરતા બીજા માટે જીવતા હોય તેમ બીજાને સારું લગાડવા ખોટી વાતોમાં સંમત થઈ જાય છે. પરિણામે દુ:ખી થાય છે. માટે તમે તમારા પોતાના વિકાસ માટે અવરોધ રૂપ વાતોમાં તમારી સંમતિ ના આપો. ઘણા લોકો એવા પણ છે જે બીજાના મત ઉપર જીવે છે. આપણે પોતે જ પોતાની મૂળ શક્તિઓને ઈમર્જ થતી અટકાવીએ છીએ. જેથી કોઈ સારા કામની શુભ શરૂઆત કરતા આપણે સંકોચ અનુભવીએ છીએ. કે જે નવી શરૂઆતની પહેલ કોઈ અન્ય વ્યક્તિ કરી લેશે તો જીવનભર તેનો પ્રશ્ચાતાપ આપણને રહેશે. જે આજ આપણી

ધારણા બહાર છે. પણ આવા વિચારોમાં ન ઘેરાઈને પોતાનો શ્રેષ્ઠ સમય બરબાદ ન કરો. પરંતુ પોતાની અંદર ઉમંગ ઉત્સાહ ભરી સાચા ખોટાનો ભ્રમ છોડી જે પરમાત્મ શક્તિઓ પ્રાપ્ત છે તે શક્તિઓને સમય પ્રમાણે કાર્યમાં લગાવો. સાચી વાત યોગ્ય સેવા પ્રતિ પુરુષાર્થી જીવનમાં જોખમો / સાહસો લઈ ચરિતાર્થ કરો. ફક્ત સાંસારિક કે લૌકિક જીવન નિર્વાહ કે સલામત જીવન વ્યતીત કરવું એજ આપણું લક્ષ નથી પરંતુ આપણું લક્ષ તો એ છે કે એક યોદ્ધા / મહાવીર બની ડ્રામા અનુસાર આવનાર દરેક પડકારોને આસાનીથી મહાત કરી એક માયાજીત વિજેતાનો સરતાજ પહેરી સ્વર્ગીય દુનિયાના દ્વાર સુધી પહોંચવાનું છે. પરમાત્મ શક્તિઓનો સાથ લઈ શ્રીમતાનુસાર વિશ્વ પરિવર્તક બની જે કાર્ય ખુદ પરમાત્મા આપણા મારફતે કરાવી રહ્યા છે તેનો ખૂબ મોટો ઉમંગ ઉત્સાહ ભરી પુરુષાર્થી સંકલ્પ કરશો તો જૂઠ અને નબળાઈઓ આપ મેળે દૂર હટતી તમે નજરે નિહાળી શકશો. સત્યના ઉપાસક બની કોઈપણ સતકર્મનો પુરુષાર્થ કરશો તો તમે સફળતાના શિખરો સર કરી સત્ય શક્તિના સંકલ્પોની ઈમારત બની જશો અને સફળતાના ચાર ચાંદ લાગી જશે.

## કર્મ સંકલ્પ

ઈશ્વરે આપણને બે કાન અને એક જ મોં આપ્યું છે. આવું એટલા માટે છે કે આપણે બોલીએ ઓછું અને સાંભળીએ વધારે. ઓછું બોલવાવાળી વ્યક્તિની ઉર્જા અને એનર્જીનો બગાડ થતો નથી. તે આત્મામાં કોઈપણ વાતને તેના મર્મ સુધી વિચારવાની ક્ષમતામાં વધારો કરે છે. જે વ્યક્તિ મિતભાષી છે તે હંમેશા ખુદ પોતાની સાથે જોડાયેલી રહે છે. પરિણામે તે વ્યક્તિના વિચારો એટલા તાકાતવાન હોય છે કે, તેને લક્ષ પ્રાપ્તિ સુધી પહોંચવામાં સહાયક બની શક્તિ પૂરી પાડે છે. માટે ઓછું બોલો અને સાંભળો વધારે અને સાંભળવા વાળા ક્યારેય નુકશાનીમાં નથી રહેતા પરંતુ કંઈક ને કંઈક નવું નવું શીખવા મળે છે. માટે પોતાની સુષુપ્ત શક્તિઓને ઉજાગર કરવા માટે વાચાને મહતમ્ વિરામ આપો.

## સકારાત્મક સંકલ્પ

આપણે જેવા માહોલમાં જેવા લોકો સાથે રહીએ છીએ તેની મોટા ભાગે સંગ દોષની અસરથી આપણે તેના જેવા જ બની જઈએ છીએ. નકારાત્મક વ્યક્તિથી હંમેશા દૂર રહો. તેવી નકારાત્મક વ્યક્તિની નબળી વાતોથી તમારામાં રહેલી હકારાત્મક ઉર્જાનો સર્વનાશ કરી દેશે. દુનિયામાં દરેકને આજીવન સકારાત્મકતાથી જીવવાનો સંપૂર્ણ અધિકાર છે. માટે જ પોતે પણ પોતાની સાથે નકારાત્મક વાતો ક્યારેય ન કરવી જોઈએ. દા.ત. મારું ભાગ્ય જ ખરાબ છે. હંમેશા મારી સાથે જ કેમ આવું ખરાબ બને છે..? જ્યારે તમારી આસપાસના લોકોને તમારામાં ફક્ત ખામીઓ જ દેખાય છે. તો તુરંત જ તમે તેમને નજર અંદાજ કરો તેને છોડી દો. એવા લોકોની માનસિકતા જ એવા પ્રકારની હોય છે કે, દરેક સારી બાબતમાં તેને નકારાત્મકતા જ નજર આવે છે. માટે નકારાત્મક વ્યક્તિથી ચેતો અને દૂર રહો અને દુનિયા ભરમાં જે સફળ થયા છે તેણે પોતાની અંદર હંમેશા એક સકારાત્મક વ્યક્તિને જોયો છે. જીવનમાં એવા ઘણા કામ છે જે કરવાથી તમે અન્યના જ જીવનમાં ઉજાસ લાવી મદદગાર બનવા માટે નિમિત બનો. માટે માણસાઈનું શ્રેષ્ઠ ઉદાહરણ બની કોઈના જીવનને શ્રેષ્ઠ બનાવવા માટેની સફળ કડી રૂપ કામ કરો. જેનાથી તમે કોઈ દુઃખી આત્માના ચહેરા ઉપર ખુશી લાવવા માટે નિમિત બની શકો. પોતાની દ્રષ્ટિ છોડી દિવ્ય

દ્રષ્ટિથી જોશો તો વિશ્વ પરિવર્તન કાર્યમાં સકારાત્મક પાર્ટ બજાવી શકશો. મોટાભાગના લોકો દરેક કામમાં પોતાની જાતને બીનજરૂરી જોડવાની કોશિષ કરે છે. તેનાથી તેની ઉર્જામાં ઘટાડો થાય છે. પરિણામે જે જરૂરી છે તે કામ તે નથી કરી શકતા. નાના નાના કામો જે અન્ય લોકો કરી શકે તે તેમને સોંપી દો. પોતાનો સમય મહત્ત્વપૂર્ણ કાર્યમાં લગાવો જેનાથી ઝંઝટો સ્વતઃ સમાપ્ત થઈ જશે પોતનું જીવન લક્ષ પ્રાપ્તિના પુરુષાર્થી રાહમાં આગળ વધશે. સારી બાબતોને જીવનમાં નોટ કરો. નબળી બાબતો નબળી માનસિકતા વાળી વ્યક્તિથી દૂર રહો. નબળી માનસિકતાવાળા લોકોને ગળ્યાનો પણ મોળો જ સ્વાદ આવશે. માટે રડમસ વ્યક્તિ સાથે ક્યારેય સમય ન આપો. હંમેશા હસતા જ રહો. એવું પણ બની શકે કે તમારા હસતા ચહેરાથી અન્યને આપ સમાન બનવાની આશાનાં કિરણ નજર આવશે. તમારા હર્ષિત ચહેરાને જોઈ કોઈ દુઃખી વ્યક્તિ તેનું દુઃખ પણ ભૂલી જાય. માટે મુસ્કુરાહટનો અર્થ જ એ છે કે, તમે હંમેશા અંદરથી ખુશ રહો સકારાત્મક રહો. હંમેશા એવું વિચારો કે આ દુનિયામાં તમે સૌથી વધારે પરમાત્મ પ્રિય ભાગ્યશાળી આત્મા છો. કે તમારા જીવનમાં હવે કોઈ કમી કમજોરી નથી રહી. જે મેળવવું હતું તે મળી ગયું. આવા સકારાત્મક વિચારોવાળો હું સકાશ રૂપ, દિવ્ય ચૈતન્ય રૂપ, જ્યોતિર્બિંદુ રૂપ, તેજસ્વી રૂપ, વિશ્વ પરિવર્તક નિમિત રૂપ આત્મા છું.

### જીવન સંકલ્પ

એકાગ્રતાથી ધ્યાન મગન સ્થિતિમાં સ્થિત થઈ પ્રભુ પિતા પરમાત્મા સાથે હર હંમેશ રૂહ રૂહાન કરો. જે ઈશ્વરીય શક્તિઓની પ્રાપ્તિથી તમારા આત્મવિશ્વાસમાં દિન પ્રતિદિન ભરપૂર વૃદ્ધિ થશે. તમો બ્રાહ્મણ જીવનમાં તીવ્રતાથી પૂરુષાર્થ કરી શકશો. તમારું સ્વાસ્થ્ય જ નહીં પરંતુ તમે ખુદ તેજસ્વી બની જશો. આસાનીથી પોતાના લક્ષને પ્રાપ્ત કરી શકશો. અન્યને આપ સમાન બનાવી શકશો.

**॥ ઓમશાંતિ ॥**

## જ્ઞાન ગમ્મત

### બ્ર.કુ. કિશોર મહેતા, ધોરાજી

**જિજ્ઞાસુ -** માણસોના ચહેરા એકબીજાથી અલગ કેમ છે?

**બ્રહ્માકુમારીજી -** અલગ અલગ સંસ્કારની વ્યક્તિઓને ઓળખવા માટે મનુષ્યના ચહેરા અલગ હોય છે.

**જિજ્ઞાસુ -** ભારતની હાલની દુર્દશાનું કારણ શું?

**બ્રહ્માકુમારીજી -** પરમધામ નિવાસી પરમાત્માને સર્વવ્યાપી કહેવાથી ભારતની દુર્દશા થઈ છે.

**જિજ્ઞાસુ -** લોકો સ્વર્ગમાં જવાનો પુરુષાર્થ શા માટે કરતા નથી?

**બ્રહ્માકુમારીજી -** સતયુગ, ત્રેતાયુગ, દ્વાપરયુગ અને કલિયુગ એ ચારે યુગ મળી બનતો કલ્પયુગ 5000 વર્ષનો છે. જે પૂરો થવા આવ્યો છે તેને બદલે કલ્પયુગને લાખો વર્ષનો સમજવાથી મનુષ્ય ગાફેલ બની જાય છે જેને પરિણામે સ્વર્ગમાં જવાનો પુરુષાર્થ કરાતો નથી.

**જિજ્ઞાસુ -** મનુષ્ય ન કરવાના કામ શા માટે કરે છે?

**બ્રહ્માકુમારીજી -** વિનાશકાળે વિપરીત બુદ્ધિ બની જવાથી મનુષ્ય ન કરવાના કામ કરે છે.

**॥ ઓમશાંતિ ॥**

### દિવ્યદર્શન

# સૃષ્ટિના રચયિતા - પિતાશ્રી બ્રહ્માબાબા...

બ્ર.કુ. નંદિની, સુખશાંતિ ભવન, મણિનગર, અમદાવાદ.

આજથી લગભગ ૮૮ વર્ષ પહેલાંની આ વાત છે કે, તે સમયના અવિભાજિત ભારતના સિંધ પ્રદેશમાં સમાજની દશા ઘણી જ કથળી થઈ ગઈ હતી. પશ્ચિમના દેશોની સભ્યતાના પ્રભાવ હેઠળ સૌ કોઈ આવી ચૂક્યા હતા. ખાણીપીણી અને રહેણીકરણી અતિ તમોગુણી અને ભ્રષ્ટ બની ચૂકી હતી. મનમાં એક તરફ ભક્તિ ભાવના હતી, તો બીજી તરફ વિષય વિકારોથી ખદબદતો સમાજ હતો. અર્થવિહીન તેમજ ખર્ચાળ  સામાજિક રિતિ-રિવાજો સમાજને ઉધઈની જેમ અંદરથી ખોખલા કરતા જતા હતા. ધન, સુખ, વૈભવ હોવા છતાં, સૌનું સાંસારિક જીવન મનોવિકારો અને શાંતિ અને સાત્વિકતાના અભાવે નર્કાગાર જેવું બની ગયું હતું. સ્ત્રીઓની દશા તો ખૂબ જ ચિંતાજનક હતી. સ્ત્રીઓ મોટે ભાગે અશિક્ષિત જ રહેતી અને તેને ઘરની ચાર દીવાલોમાં જ પૂરાઈને રહેવું પડતું હતું. પતિની માટે પૂતળી અને બાળકોની સાર-સંભાળ રાખનાર કામવાળી દાસીથી વિશેષ કોઈ સ્થાન સ્ત્રીનું સમાજમાં ન હતું.

આ સમયે એક જુદી જ તરી આવતી પ્રતિભા હતી 'દાદા લેખરાજ'. તેમની દેહાકૃતિ અને વ્યક્તિત્વ એક અવર્ણનીય મનમોહકતા અને ચિત્તાકર્ષકતા હતી. તેમના વ્યવહારમાં સ્નેહ, સાહદયતા, શાલીનતા અને નમ્રતા જેવાં ગુણો ઝલકાતા હતાં. તેમની આંખો, મુખમુદ્રા, ઝગારા મારતું વિશાળ તેમજ ઉન્નત લલાટ, તેમની ચાલ, રીતભાત, શિષ્ટાચાર બધું જ માનવહૃદયને મોહી લેનાર હતું.

### લૌકિક જીવનનો પ્રારંભ

તેમનો જન્મ સિંધ્ધ હૈદરાબાદમાં ઉચ્ચ ખાનદાન સિન્ધી કૃપલાની કુળના એક ધાર્મિક કુટુંબમાં એક શાળાના સામાન્ય આચાર્યને ત્યાં થયો હતો. તેઓ પોતાની કુશાગ્ર બુદ્ધિ, સચોટ તેમજ ત્વરિત પરખશક્તિ અને અથાગ પુરુષાર્થ વડે અનાજના એક સામાન્ય વેપારીમાંથી અતિ ધનવાન અને સુપ્રસિદ્ધ હીરાના મોટા ઝવેરી બની ગયા હતા. તેમના દૈવી સંસ્કાર, ઉચ્ચ કુલીન વ્યવહાર અને ઈમાનદારીની કીર્તિ ચારેય દિશાઓમાં પ્રસરાયેલી હતી. તેમના હીરા-ઝવેરાતના વેપારને કારણે રાજા-મહારાજાઓ, ધનાઢ્ય વ્યક્તિઓ, અમીર-ઉમરાવો તથા વાઇસરોય સાથે પણ ખૂબ નજીકના તેમના સંબંધો હતા. તેમણે કોઈપણ સમયે રાજમહેલમાં પરવાનગી વિના પ્રવેશ કરવાની છૂટ હતી. આમ પણ ઘણીવાર રાજાઓ અનુભવતાં અને કહેતા પણ હતા કે, 'ભગવાનની કોઈક ભૂલ થઈ ગઈ છે કે, અમને ભૂલથી રાજા બનાવ્યા અને તમને ન બનાવ્યા. રાજાને શોભે તેવા અનુરૂપ બધા સંસ્કારો તો તમારામાં જ દેખાય છે.

તેઓ બાળપણથી જ અનન્ય ભક્તિભાવ ધરાવતા હતા. ગમે તેટલી કાર્યવ્યસ્તતાની વચ્ચે પણ તેઓ કોઈ એક પણ દિવસ ભક્તિ કે પૂજાપાઠથી વંચિત રહ્યા નથી. મુસાફરીના સમયે પણ ગીતાપાઠ તેઓ અચૂક કરતા હતા. માંસમદિરાનો કોઈ છોછ જ ન હતો, તેવા સિંધી સમાજની વચ્ચે તેઓ સંપૂર્ણ શાકાહારી હતા. અન્ય કોઈ વ્યસનનું વળગણ પણ તેમને ન હતું.

ગુરુઓ પ્રત્યે અપાર શ્રદ્ધા - ભાવના હતી. તેઓ એક નિષ્કામ દાનવીર તરીકે પણ પ્રખ્યાત હતા.

જ્યારે દાદાની ઉંમર લગભગ આશરે ૬૦ વર્ષની થઈ ત્યારે અચાનક જ કોઈ ઈશ્વરીય યોજના અનુસાર તેની મનોવૃત્તિ સંસારથી વિરક્ત થતી ગઈ. તેઓ વધારે ને વધારે અંતર્મુખી બનતા ગયા. તેમની એકાંત જ પ્રિય લાગવા માંડ્યો. તેવો વધુ ને વધુ મનનચિંતનમાં રહેવા લાગ્યા. એક દિવસ અચાનક તેમની વિષ્ણુ ચતુર્ભુજનો દિવ્ય સાક્ષાત્કાર થયો અને ત્યારબાદ સાક્ષાત્કારોની લાંબી વણઝાર ચાલી. જ્યારે અમેરિકાએ અણુ-બોમ્બનો જાપાન ઉપર પ્રયોગ પણ ન હતો કર્યો, હજી આ પ્રકારના કોઈ બોમ્બની શોધ પણ હજી આવિષ્કાર કરી રહી હતી, તે સમયે દાદાએ સૃષ્ટિનો અણુશાસ્ત્રથી થનાર મહાવિનાશનો સાક્ષાત્કાર જોયો. ત્યારબાદ તેમણે તેમના હીરા-ઝવેરાતના ધંધામાંથી સંપૂર્ણ નિવૃત્તિ લઈ લીધી, અને ધીમે-ધીમે તેમને સમજાવા લાગ્યું હતું કે, સ્વયં વિશ્વપિતા પરમાત્માએ વિશ્વ પરિવર્તનના ભગીરથ કાર્ય માટે તેમને નિમિત્ત માધ્યમ બનાવ્યા છે. ઈ.સ. ૧૯૩૭માં આ સૃષ્ટિ પરની એક મહામૂલ્યવાન અને યાદગાર પળે શિવ પરમાત્માએ તેમના શરીરમાં ‘દિવ્ય અવતરણ’ કર્યું અને તેમને કર્તવ્યવાચક નામ આપ્યું ‘પિતાશ્રી બ્રહ્મા’. તેમના દ્વારા ઈશ્વરીયજ્ઞાનનું શિક્ષણ પ્રાપ્ત કરનાર સ્ત્રી-પુરુષો બ્રહ્માકુમારી અને બ્રહ્માકુમારો કહેવાયા. ઈશ્વરીય આદેશ મળતાં તેમણે પોતાની લાખોની સંપત્તિ માતાઓ-કન્યાઓના નામે ટ્રસ્ટ બનાવી એ ટ્રસ્ટને સોંપી દીધી. એ ટ્રસ્ટમાંથી જ પાંગરેલું 'પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય' આજે વિશ્વના પાંચ ખંડોમાં ૯૦૦૦થી પણ વધુ સેવાકેન્દ્રો ધરાવે છે.

પ્રજાપિતા બ્રહ્માએ પોતાના તન-મન-ધન ઈશ્વરીય સેવામાં સમર્પિત કર્યા પછી પોતે પણ પરમાત્માએ ચીંધેલ આધ્યાત્મિક પુરુષાર્થનો રાહ અપનાવ્યો. સ્વયંના જીવનમાં દૈવીગુણોનાં પુષ્પો ખીલવીને ચોમેર સુવાસ પ્રસરાવી અનેકોને દિવ્ય જીવન બનાવવાની પ્રેરણા આપી રહ્યા. સમાજમાંથી અંધશ્રદ્ધા, કુરિવાજો, બદીઓ અને અનૈતિકતાને દૂર કરનાર સમાજના સાચા સુધારક બન્યા. ધર્મ, નાત, જાત, વર્ણ, પ્રાંત, ભાષા વગેરેના કોઈ ભેદભાવ ન રાખીને વિશ્વના સર્વ આત્માઓને પરમાત્માના સંતાન ગણી પ્રભુપિતાનો ઈશ્વરીય સંદેશ પહોંચાડવા જીવનની અંતિમ ક્ષણ સુધી પ્રયત્નશીલ રહ્યા.

## અજોડ પ્રેરણામૂર્તિ

એક સાધારણ વ્યક્તિ સામાન્ય રીતે જે ઉંમરે પોતાની પ્રવૃત્તિઓની ગતિને મંદ બનાવતો હોય છે તે ઉંમરે પ્રજાપિતા બ્રહ્માના જીવનના એક અતિ મહત્વપૂર્ણ કાર્યના અધ્યાયનો શુભારંભ થયો. પોતાની એક એક પ્રવૃત્તિઓ મારફતે તેમણે બીજાઓને પણ પ્રેરણા આપી દેતાં. તેમનું જીવન ખુલ્લા પુસ્તકની જેવું હતું, કે જેમાંથી સત્ય, પ્રામાણિતતા, પવિત્રતા, પ્રેમ, અહિંસા અને આધ્યાત્મિકતાનો રસ્તો એકદમ સ્પષ્ટ રીતે દ્રષ્ટિગોચર થતો. તેમની સાદાઈ પણ સૌને ચિત્તઆકર્ષિત કરી જતી હતી. સ્વયં ઈશ્વરના વાહક હોવા છતાં પણ તેમની રહેણીકરણી અત્યંત સાદી અને સરળ રહી. તેઓ કયારેય પોતાને ગુરુ કહેવડાવતા નહીં. પોતાના ચરણસ્પર્શ કરવા આવનારને આ નમ્રતાની મૂર્તિ એમ કહેતી કે, ‘તમારા ગુરુ તો એક પરમાત્મા જ છે’.

તેમની આંખોમાં દૈવી તેજનો અંશ અનુભવાતો હતો. અપાર પ્રેમ અને શુભ-કામનાઓથી તે નયન ચમકતા રહેતા. પળભરની

દ્રષ્ટિથી તેઓ કોઇપણ વ્યક્તિના શક્તિ-સામર્થ્યનો ક્યાસ કાઢી લેતા અને બીજી જ પળે તેઓ તે વ્યક્તિને અસાધારણ શક્તિથી ભરપૂર કરી દેતા. 93 વર્ષની ઉંમરે પણ તેમને ચશ્માંની જરૂર પડી નહતી. તેઓ હંમેશા ટટાર ચાલતા, યુવાઓને પણ શરમાવે તેવી સ્ફૂર્તિ અને જોમ-જોશથી ખડકો-ટેકરીઓ ઉપર ચડી જતા.

પિતાશ્રી બ્રહ્માબાબાનો એક-એક શ્વાસ માનવતાની સેવા પ્રતિ સમર્પિત હતો. તેમનો પ્રત્યેક શબ્દ અને પ્રત્યેક કર્મ મહાન પ્રેરણાનાં સ્ત્રોત હતાં. તેમણે દરેકને બીજાઓ સેવામાં જોડાઇ જવા માટે પ્રેરણા આપી.

# બ્રહ્મા મા રાખે છે

**બ્ર. કુ. જૂનાગઢ**

દીકરાઓ સાથે રહેવા બ્રહ્મા મા હૃદયમાં હર્ષ રાખે છે.
દીકરાને માયાથી બચાવવા માટે અલગથી ધ્યાન રાખે છે.
સ્હેજ યાદમાં જ દુઃખો સામટાં થઈ જાય છે ગાયબ,
બ્રહ્મા મા હથેળીમાં સતત જાદૂઈ મુરલીનો સ્પર્શ રાખે છે.
આપી દે થોડાં વરદાનોને, આપી દે સ્વમાન થોડાં,
બ્રહ્મા મા સ્વયંને જીવવા તો એક પણ ક્યાં રાખે છે.
દુઃખ બાળકને કદી ક્યાંયે ન લાગે એટલા માટે,
બ્રહ્મા મા સદા ચોખ્ખી જ મનની ને હૃદયની ફર્શ રાખે છે.
જો પ્રભુ સૌને નવો જનમ આપે છે, તો પરીક્ષા પણ આપે છે,
બ્રહ્મા મા દીકરાઓ તો તમને ઈશ્વરથીય ઊંચો આદર્શ રાખે છે.
જાહો-જલાલીમાં બધાંયે જીવે ને ધન સંતાડી રાખે છે,
બ્રહ્મા મા પોતાનું સર્વસ્વ, ઈશ્વર અર્થ સમર્પણ રાખે છે.

**॥ ઓમશાંતિ ॥**

તેમણે બતાવી આપ્યું કે, પડકારજનક પરિસ્થિતિઓનો શાંતિપૂર્વક અને સરળતાથી સામનો કેવી રીતે કરી શકે છે. યોગ, ધ્યાન જેવી ક્રિયાઓથી આનંદમય અને સંતુલિત જીવન જીવી શકાય છે, તેનું પ્રેરક ઉદાહરણ પણ પૂરું પાડ્યું, તેઓ હંમેશા ધ્યાનની ગહન અનુભૂતિની સ્થિતિમાં રહેતા, તે સ્થિતિના પ્રકંપનો તેમના સંપર્કમાં આવનાર ઉપર પણ આપોઆપ પ્રબળ અસર નીપજાવતા હતા.

જેમ આ સદીનો ચોથો દાયકો (ચાળીશનો દાયકો) માનવમાત્ર માટે ખૂબ મહત્વપૂર્ણ હતો (કારણ કે ત્યારે પરમાત્માનું વિશ્વ પરિવર્તનનું કાર્ય શરૂ થયું) તેમ સાતમા દાયકાનો અંત એક સીમાચિન્હ સમાન બની ગયો. ૧૮ જાન્યુઆરી, ૧૯૬૯ના દિવસે નિરાકાર પિતા પરમાત્માના સાકાર માધ્યમ 'પ્રજાપિતા બ્રહ્મા'એ માનવ જાતની સેવા કરતાં-કરતાં પોતાનો લૌકિક વિનાશી દેહ ત્યાગી દઈ પોતાની પ્રવૃત્તિને વધુ વ્યાપક, વધુ શક્તિશાળી, વધુ સમૃદ્ધ બનાવવા ફરિશ્તા સ્વરૂપ (અવ્યક્ત સ્વરૂપ) ધારણ કર્યું. પ્રથમવાર એક માનવી સંપૂર્ણ અવસ્થાએ પહોંચ્યો.

પ્રજાપિતા બ્રહ્માબાબા એક નવીન સ્વર્ણિમ દુનિયાના આદ્યસ્થાપક હતા. તેમણે અજ્ઞાનતા, દુઃખ, અશાંતિ અને આડંબરના જંગલમાંથી સુખશાંતિ અને સંપૂર્ણતાના બાગ તરફ જતો રાહ ઉદ્દ્ઘાટિત કરી આપ્યો. આજના દિવસે આપણે પ્રજાપિતા બ્રહ્માબાબાના માનવતા પ્રત્યેના અથાક પરિશ્રમને સ્મરણ કરી લઈએ અને સૌમાં નવીન પ્રેરણાનો સંચાર કરી બ્રહ્માબાબાને સાચી શ્રદ્ધાંજલિ અર્પીએ. શ્રધ્ધાના પુષ્પો સાથે સાથે આ કલમ પણ.... ભાવથી અર્પણ.

**॥ ઓમશાંતિ ॥**

# ત્રિદલ

ડૉ. ચિનુભાઈ નાયક, અમદાવાદ

## કથની અને કરણીની સંવાદિતા

આજના આપણા જીવનની જે સમસ્યાઓ છે તેના મૂળમાં કથની અને કરણી વચ્ચેની એક વાક્યમયતાનો અભાવ છે. બીજા શબ્દોમાં કહીએ તો વિચાર અને આચાર બાબતમાં આસમાન જમીનનો તફાવત છે. આપણે આપણા વિચારોને વ્યવહારમાં મૂકીએ તો સંસારમાં દુઃખ ભોગવવાનું રહે નહીં. ગુજરાતીમાં એક કહેવત છે કે હાથીના ચાવવાના અને દેખાડવાના દાંત જુદા જુદા હોય છે. માણસ પણ વ્યવહારમાં આચરણ કરતી વખતે પરિસ્થિતિ પ્રમાણે વિશેષ કરીને પોતાના કે કુટુંબના સ્વાર્થને ધ્યાનમાં રાખે છે અને આદર્શોને અભરાઈએ ચડાવે છે. શાસ્ત્રકારો કહે છે કે વિચાર અને આચારમાં એક વાક્યતા ન હોવી એ પોતાની જાતની છલના છે, છેતરામણી છે. આપણા રોજના વ્યવહારને બારીકાઈથી તપાસીશું તો ખ્યાલ આવશે કે આપણે પગલે ને પગલે કેવા જુઠ્ઠા વેશ ભજવીએ છીએ. સંસારમાં આપણે કેટકેટલાં મ્હોરાં ધારણ કરીને ફરીએ છીએ અને ફુલણજી થઈને ફરીએ છીએ એનો વિચાર કરવા જેવો છે.

આપણે ઈચ્છીએ છીએ કે આપણી સાથેના વ્યવહારમાં બીજા માણસો સત્યમય અને વિવેકી આચરણ કરે. પરંતુ એ પ્રકારનો વ્યવહાર આપણી પાસેથી બીજા રાખે ત્યારે આપણે આપણી જાત સાથે બાંધછોડ કરીએ છીએ અને કહીએ છીએ, 'હું કંઈ હરિશ્ચંદ્રનો બેટો નથી.' આપણે આપણા વર્તન માટે સતત છટકબારીઓ શોધતા રહીએ છીએ અને આચરણ કરવું ન હોય ત્યારે બીજાનો નમૂનો આગળ ધરીએ છીએ. 'આવી સહનશીલતા તો સંત જ દાખવી શકે કે સત્યની ખાતર બૈરી છોકરાં વેચવાનું કામ રાજા હરિશ્ચંદ્ર કરી શકે, અમે તો કાળા માથાના માનવી છીએ!' આમ પ્રવૃત્તિ અને નિવૃત્તિ, ધર્મ અને અધર્મ, સત્ય અને અસત્ય, નીતિ અને અનીતિના આપણે પોતે ઊભા કરેલા ખ્યાલોમાં આપણે રાચીએ છીએ. આપણને જે અનુકૂળ હોય તે ધર્મ અને પ્રતિકૂળ હોય તે અધર્મ. આપણને લાભ થાય તે નીતિ અને નુકસાન થાય તે અનીતિ. વ્યવહારમાં આપણા સ્વાર્થનાં કાટલાં કેટકેટલાં જુદાં છે એનો વિચાર કરવા જેવો છે.

આપણી આજની સમસ્યાનો પાયાનો પ્રશ્ન એ છે કે શું વિચાર અને આચારમાં સંવાદિતા સ્થાપી ન શકાય? શાસ્ત્રોનું અધ્યયન કરવાથી, કથાઓ અને પારાયણો ભક્તિપૂર્વક સાંભળવાથી કે તીર્થોની યાત્રાઓ કરવાથી આ સંવાદિતા સ્થાપી શકાતી નથી, એમ કરવું એ તો બહુ સીધી અને સરળ વાત છે. આપણા જીવનમાં મૂલ્યવાન વર્ષો આપણે સમજ વિનાનું મિથ્યા આચરણ કરવામાં વીતાવ્યાં છે. હજી પણ એની એ જ રફતાર ચાલુ છે. ભૂલ્યા ત્યાંથી પાછું ફરવાનું સૂઝતું નથી. જ્ઞાની કવિ અખો કહે છે કે તેમ 'તિલક કરતાં ત્રેપન ગયાં, જપ માળાનાં નાકાં ગયાં, કથા સુણીને ફૂટ્યા કાન, તોયે અખા ન થયું બ્રહ્મજ્ઞાન.' કહેવાતા ધર્મના મિથ્યા આચરણથી આપણે આપણી નિર્બળતામાં વધારો કરતા જઈએ છીએ. આપણા આદર્શો અને ભાવના પ્રમાણે વર્તન કરવા માટે મનની નબળાઈનો સતત અનુભવ આપણને થયા કરે છે મન નબળું પડતું હોવાથી આપણી સંકલ્પશક્તિ દિવસે દિવસે ઘટતી જાય છે.

પરિણામે આપણે વિકલ્પોમાં ફસાઈએ છીએ અને જીવનમાં સતત નિષ્ફળતાનો અનુભવ કરીએ છીએ. નિષ્ફળતા એ હતાશાની જનેતા છે. આપણને એવું લાગ્યા કરે છે કે આપણે જીવનમાં ક્યારેય સફળ થવાના નથી. આપણે માટે સુખ એ ઝાંઝવાનાં નીર જેવું છે. આપણે તો સંસારમાં ઘાણીના બળદની જેમ ઢસરડો કરવા જ આવ્યા છીએ. જીવનનો આવો હતાશાભર્યો સૂર પોતાની જાત સાથે છેતરામણી કરનારા માણસો કાઢતા હોય છે. સંસારમાં આવા માણસોની સંખ્યા ઘણી મોટી છે.

કથની અને કરણીમાં સંવાદિતા સ્થાપવી એ સમજુ માણસનો ધર્મ છે. મનુષ્ય જીવનની સાધનાનું રહસ્ય પણ આ સંવાદિતા સ્થાપવામાં રહેલું છે. આ માટે વાણીનો સંયમ અને વિવેકપૂર્વકનો વ્યવહાર આવશ્યક છે. વાણીએ મનુષ્યની વિશેષતા છે. વાણી વડે એ સમગ્ર ચૈતન્ય સૃષ્ટિમાં જુદો તરી આવે છે. પરંતુ વ્યવહારમાં વાણીનો એ જેટલો દુરુપયોગ કરે છે તેટલો બીજું કોઈ પ્રાણી કરતું નથ. વાણી વડે આપણે કેટકેટલી સૂક્ષ્મ હિંસા આચરીએ છીએ એનો ખ્યાલ રાખવા જેવો છે. અભિમાન અને ક્રોધ ભરેલી વાણી આપણને કેવા વર્તન તરફ લઈ જાય છે એનો વિચાર કરવો ઘટે. વાણીના વિલાસને કારણે મિથ્યાભિમાનને કારણે બીજાને મહેણાંટોણાં સંભળાવવામાં આપણે કેટલું બધું દુઃખ નોતરીએ છીએ? વિચાર અને આચારમાં એકવાક્યતા લાવવા માટે વાણીનો સંયમ કેળવવો પડશે. જીવનમાં મૌનનો મહિમા વધારવો પડશે.

## મનુષ્ય જીવનમાં સદ્‌ભાવનું વાવેતર

આજના આપણા સામાજિક જીવનની એક મોટી સમસ્યા તે પરસ્પરના આદર અને સદ્‌ભાવના અભાવની છે. વિજ્ઞાન અને યંત્ર ઉદ્યોગોની પાછળ ઘેલો બનેલો માનવી પોતાનામાં જ રાચતો રહ્યો છે અને સ્વકેન્દ્રી બન્યો છે. તેના વર્તનમાં એક પ્રકારનું તોછડાપણું પ્રવેશેલું જોવા મળે છે. તેની ભૌતિક ક્ષમતા અને સમૃદ્ધિમાં વધારો થવાને કારણે તેનો અહમનો રણકો વધ્યો છે. તેનામાં રહેલી સુજનતાનો લોપ થઈ ગયો છે. એની સ્વાર્થવૃત્તિમાં રોજ વધારો થતો રહે છે. જેના પરિણામે સમાજ અને રાષ્ટ્ર પ્રત્યેની તેની ભાવનાઓમાં ભારે ઓટ આવેલી જણાય છે. ‘વર મરો કે કન્યા મરો પણ ગોરનું તરભાણું ભરો.’ એવી પરિસ્થિતિનું આજના સમાજમાં નિર્માણ થયું છે. કમનસીબી એ છે કે આજનો માનવી સમાજ અને રાષ્ટ્ર સાથે તો પરાયો બન્યો છે! તેનામાં રહેલો ‘માણસ મરી પરવાર્યો છે. આ એકવીસમી સદીમાં આપણે જો માણસની પ્રતિષ્ઠા નહીં વધારીએ તો આપણે સમાજ અને સંસ્કૃતિનો વિનાશ હાથે કરીને નોતરીશું.

આજે આપણા મનને બે પ્રકારના ભય ડરાવી રહ્યા છે. એક અણુશસ્ત્રો દ્વારા સર્વનાશનો અને બીજો માણસાઈ મરી પરવાર્યાનો. આ બે પ્રકારના ભય પૈકી પહેલો ભય તો નિવારી શકાય પરંતુ બીજો ભય નિવારવા માટે આપણે ઘણું પરિવર્તન લાવવું પડે. માણસને ‘સાચો માણસ’ બનાવવાની પ્રક્રિયા ઘણી અઘરી છે. આ માટે તેને સતત ટોકવો પડે છે. કોઈ બીજી જીવસૃષ્ટિને કહેવામાં નથી આવતું કે તું હાથી થા. અથવા કૂતરાને એમ કહેવામાં નથી આવતું કે તું કૂતરો થા. પરંતુ માણસને સતત ટોકવામાં આવે છે કે તું માણસ થા. આનું કારણ એ છે કે માણસમાં રહેલી પશુવૃત્તિ વખતોવખત વિચાર અને વર્તનમાં બહાર નીકળી આવે છે અને માણસ પોતે માણસ મટી હેવાન બની જાય છે. ક્યારેક, આપણા વર્તન વિશે

સ્વસ્થ ચિત્તે અને તટસ્થ ભાવે વિચાર કરતાં પણ પામર બન્યા છીએ ! આપણે આપણી જાતને સભ્ય સંસ્કારી કહેવડાવવાને લાયક છીએ ખરા !

આજની આપણી સમસ્યાઓના મૂળમાં સદ્‌ભાવ અને સદ્‌વર્તનના શિક્ષણનો અભાવ છે. આ પ્રકારનું શિક્ષણ કુટુંબમાં અને શિક્ષણ સંસ્થાઓમાં જે પ્રકારે અપાવવું જોઈએ તે પ્રકારે અપાતું નથી. સંયુક્ત કુટુંબ પરંપરા પણ બદલાતા સામાજિક અને નૈતિક મૂલ્યો સાથે તૂટતી આવે છે અને કુટુંબથી છૂટા પડેલાં યુવાન દંપતીઓ પોતાનાં સંતાનોને બોજો ગણે છે. બોજારૂપ બનેલા સંતાનોને ભણવાની રુચિ હોય કે ન હોય પરંતુ માતાપિતાના હઠાગ્રહને વશ થઈ પોતાની મરજી વિરુદ્ધ ભણવું પડે છે. શાળાઓ અને મહાશાળાઓ આવા ઈચ્છા વિરુદ્ધ ભણનારા વિદ્યાર્થીઓથી ઉભરાય છે. ભણનારાઓની સંખ્યા ઘણી વધતી જાય છે. પરંતુ ગુણવત્તા ઘટતી જાય છે. એની કોઈને ય પડી નથી.

આપણી આધુનિક શિક્ષણ પદ્ધતિએ ઈજનેરો, ડોક્ટરો, વૈજ્ઞાનિકો અને યંત્ર-સંચાલક નિષ્ણાતો પેદા કર્યા છે. પરંતુ 'માણસ' પેદા કર્યા નથી. એ એની મુખ્ય ખામી છે. પ્લાસ્ટીકની ફેક્ટરીમાં જેમ હજારોની સંખ્યામાં રમકડાં બહાર પડે છે તેમ આપણા દેશની યુનિવર્સિટીઓમાંથી દર વર્ષે હજારો ગ્રેજ્યુએટો બહાર પડે છે અને શિક્ષિત બેકારોની સંખ્યામાં ઉમેરો થતો રહે છે. આ ગ્રેજ્યુએટોને ખુરશીમાં બેસી 'સાહેબ' બનવું છે. પરંતુ મહેનતાણું લેવાની વૃત્તિ વધતી જાય છે. 'કમ કામ, જ્યાદા દામ' એ આજના નોકરિયાતોનું સૂત્ર છે. સમાજ કે રાષ્ટ્ર પ્રત્યે આપણી કોઈ જવાબદારી ન હોય એ રીતે આપણે વર્તન કરીએ છીએ. કહેવાતી લોકશાહી સમાજ રચનામાં આપણા પોતાના દેશબાંધવો પ્રત્યેની આટલી બધી નઘરોળ બેદરકારી ઈતિહાસમાં ક્યાંય જોવા મળતી નથી. આપણે હક્કો માગીએ છીએ. પરંતુ જવાબદારીઓમાંથી છૂટી જવાની અનેક તરકીબો કરીએ છીએ. જીવનની આ પ્રકારની અનવસ્થામાંથી બહાર આવવાના ઉપાયો નહીં વિચારીએ તો આપણે આપણો સર્વનાશ આપણા હાથે જ નોતરીશું. શિક્ષણ દ્વારા મનુષ્યમાં સદ્‌ભાવ અને માનવતાનું વાવેતર કર્યા વિના આ વિકટ પરિસ્થિતિમાંથી બહાર આવવાનો કોઈ માર્ગ દેખાતો નથી. મોડું થાય એ પહેલાં સવેળા જાગવાનો સમય પાકી ગયો છે.

## માણસ અને તેની માણસાઈ

સંસારમાં માણસનું મહત્ત્વ તેનામાં રહેલી માણસાઈને કારણે છે. માણસાઈ વિનાનો માણસ પશુ સમાન છે. પરંતુ કમનસીબી એ છે કે, માણસનો જન્મ થઈ શકે છે. માણસાઈને જન્માવી શકાતી નથી. કોઈ પશુને એમ કહેવામાં નથી આવતું કે તું કૂતરો થા, તું ઊંટ થા, તું હરણ થા, તું ઘોડો થા, પરંતુ માણસને જ સતત ટોકવામાં આવે છે કે તું માણસ થા.

આપણે શિક્ષક કે અધ્યાપક હોઈએ, ઈજનેર કે ડોક્ટર હોઈએ, મંત્રી કે સંત્રી હોઈએ, પણ જો 'માણસ' ન હોઈએ તો એ જ્ઞાનનો કે હોદ્દાનો કોઈ અર્થ રહેતો નથી. શિક્ષણનું મહત્ત્વનું કાર્ય માણસને 'માણસ' બનાવવાનું છે.

આજે આપણા સમાજમાં ચારેકોર માણસાઈનો અભાવ વર્તાય છે. માણસ પોતાની આસપાસના માણસોની હૂંફ ગુમાવતો રહ્યો છે. પરિણામે તે એકાંગી, સ્વાર્થી અને નઘરોળ બની ગયો છે. સમાજમાં માણસ એ સ્નેહની અને સંબંધોની દુનિયામાં રહેનારું પ્રાણી છે. સ્નેહ અને સંબંધોને કારણે તેને જીવન જીવવાનું બળ મળતું

હોય છે જીવન જીવવાનો તે સાચો આનંદ માણી શકતો હોય છે. યંત્રોઘોગના વેગીલા વિકાસને કારણે આજનો માનવી પણ યંત્રવત્ત બની ગયો છે. તેની મુખ્ય પ્રવૃત્તિ ભૌતિક સાધન-સામગ્રી - પ્રાપ્ત કરવાની બની ગઈ હોવાથી ધન અને સત્તા પ્રાપ્ત કરવાની તેને ઘેલછા જાગી છે. તે પોતાની ઈચ્છાઓ પર નિયંત્રણ રાખી શકતો નથી. 'વધુ ધન પ્રાપ્ત કરો અને વધુ ભોગવો' એ તેનું જીવનસૂત્ર બની ગયું છે. ધન, સત્તા, પ્રતિષ્ઠા અને ભૌતિક સાધનસામગ્રીની પાછળ આંધળી દોટ મૂકવામાં તે પોતાના જીવનનું મધ્યબિંદુ ભૂલી ગયો છે. જીવનની આવી આંધળીદોટને કારણે તે સતત માનસિક તનાવમાં રહે છે. માનવી ઈતિહાસના પાને ગાંડપણ કે અર્ધગાંડપણના આટલા બધા કિસ્સાઓ અગાઉ ક્યારેય પણ નોંધાયા નથી! પોતાને પ્રાપ્ત ધન, સત્તા કે પ્રતિષ્ઠાથી તેને ધરવ થતો નથી. અસંતોષની આગમાં તે સતત બળતો રહે છે. પરિણામે તેનો સ્વભાવ ચિડિયો, ક્રોધી બને છે અને આવેશમાં આવી જઈને તે ક્યારેક પત્ની અને બાળકોને મારવા તૈયાર થઈ જાય છે. અરે, પોતાની જાતની પણ ક્યારેક આત્મહત્યા કરી બેસે છે. જીવનનો જે દીવો આપણે પ્રગટાવીને ચાલુ રાખી શકતા ન હોઈએ એને અધવચ ઓલવવાનો આપણને અધિકાર ખરો?

આપણે તો પ્રગતિને નામે અધોગતિને પંથે જ દોડી રહ્યા છીએ. આપણો સ્વાર્થ સિદ્ધ કરવા માટે બીજાને મોટું કે નાનું નુકસાન પહોંચાડવામાં આપણને કોઈપણ પ્રકારનો સંકોચ થતો નથી.

'તુમ અપની સમાલો, મૈં મેરી સમાલું'નું સુત્ર વ્યાપક બનતું જાય છે. પરિણામે સમાજમાં 'માણસ'ના દર્શન થતાં નથી અને માણસાઈ મરી પરવારી હોઈ તેમ જણાય છે.

માણસાઈનાં કોઈને ઈન્જેક્શન આપી શકતાં નથી. જીવનમાં તેને કેળવવી પડે છે. સંસારમાં માણસનું જીવન એ પુરુષાર્થનું ક્ષેત્ર છે. માણસને પોતાના જીવનનો રસ્તો પસંદ કરવાની છૂટ છે. પુરુષાર્થની મદદ વડે એ ધારે તે સિદ્ધિ પ્રાપ્ત કરે પણ જો તે જીવનમાં માણસાઈનો ગુણ કેળવી ન શકે તો પ્રાપ્ત કરેલી સિદ્ધિઓનો કોઈ અર્થ નથી.

આપણને થાય કે માણસાઈનો ગુણ કઈ રીતે કેળવી શકાય? સદ્‌વિચાર અને સદ્‌વર્તન દ્વારા તે કેળવી શકાય માણસાઈના પહેલા બોધપાઠ માતા પાસેથી મેળવવા પડે અને પછી શિક્ષક કે ગુરુ પાસેથી મેળવવા પડે. પરંતુ આજે તો માણસાઈના બોધપાઠ આપનાર આ બંનેમાં સદ્‌ગુણ અને સદ્‌વર્તનની ઓટ જણાય છે. માતા જ અસત્ય બોલતી હશે. મિથ્યા આચરણ કરતી હશે, ભોગવિલાસ માટે ગમે તે માર્ગ લેતી હશે તો તે કયા મુખે સંસ્કારની કે માણસાઈની વાત કરી શકશે? શિક્ષક કે ગુરુની અધોગતિનું વર્ણન કરવા માટે શબ્દો ઓછાં પડે. એક આદર્શ માતા અને એક સંનિષ્ઠ શિક્ષક બાળકના સંસ્કાર ઘડતરમાં કેવો નોંધપાત્ર ફાળો આપી શકે તે સ્વ. સાને ગુરુજીએ તેમની આત્મકથા 'શ્યામ ચી આઈ'માં વર્ણવેલ છે.

આ પુસ્તકોનો ભાવવાહી ગુજરાતી અનુવાદ શ્રી નટવરલાલ દવેએ 'શ્યામની મા'માં કર્યો છે. માણસાઈની ચિંતા કરનાર સૌએ પુસ્તક વાંચવા જેવું છે. જીવનમાં માણસાઈ કેળવવા માટે નિયમિતતા, સાદગી, સંયમ, અહિંસા, પ્રેમ, અપરિગ્રહ ઈત્યાદિ ગુણો કેળવવા પડે.

**॥ ઓમશાંતિ ॥**

- **કોઈ મારા માર્ગમાં કંટક ભલેને પાથરે, પુષ્પ તેના માગમાં વેરીશ હું, વેરીશ હું.**
- **વ્યક્તિ મટીને બનું વિશ્વ માનવી, માથે ધરું ધૂળ વસુંધરાની.**

# પ્રજાપિતા બ્રહ્માજી

બ્ર.કુ. જગદીશભાઈ પટેલ, ઈસનપુર

વિશ્વના મુખ્ય તમામ ધર્મના પરમાત્માને તો અવશ્ય માને જ છે પરંતુ સાથે-સાથે પ્રજાપિતા બ્રહ્માજીને પણ દરેક ધર્મમાં માન્યતા મળેલી છે. વિશ્વના પ્રથમ પુરુષ હોવાને નાતે તેમને આદિપુરુષ, આદિદેવ, આદિનાથ કે આદિપિતા તરીકે બ્રહ્માજીને ઓળખવામાં આવે છે. મુસ્લિમ ધર્મમાં તેમને બાબા આદમ, ખ્રિસ્તી ધર્મમાં એડમ, જૈન ધર્મમાં આદિનાથ અથવા ઋષભદેવ, હિન્દુ ધર્મમાં મનુભગવાન, બ્રહ્માજી ભગીરથ કે નંદીગણ તથા નવસર્જન કરનાર સોની, લુહાર, સુથાર, કુંભાર વગેરે તેમને વિશ્વકર્માના નામે જાણે છે. વિશ્વમાં આમ ભિન્ન-ભિન્ન નામરૂપથી બ્રહ્માજી ઓળખાતા હોવા છતાં પણ પરમાત્માની જેમ બ્રહ્માજીનો પણ સાચો પરિચય ખૂબ જ ઓછા લોકોને છે.

ઋષિમુનિઓ તથા શાસ્ત્રવાદીઓએ પરમાત્માને ગુપ્ત કહ્યા છે. તેથી નેતી નેતી અર્થાત તેમના વિશે અમે કંઈ જાણતા નથી - તેમ કહેવામાં આવે છે. તેથી જ પરમાત્માને ચિત્રગુપ્ત પણ કહે છે જેનુ કોઈ ચિત્ર કે ફોટો નથી. તેવી જ રીતે બ્રહ્માજી પણ ગુપ્ત છે. તેમનો પણ કોઈના ઘરે ફોટો હોતો નથી, તેમના પણ ભારતભરમાં એક બે મંદિર સિવાય મંદિર પણ નથી, તેમનુ કોઈ શાસ્ત્ર પણ નથી. જેમ વિષ્ણુ પુરાણ, શિવ પુરાણ કે રામાયણ હોય છે, તેમની રામલીલા કે કૃષ્ણલીલા જેવી કોઈ બાળલીલા પણ નથી. આમ, બ્રહ્માજી વિશે સાચી માહિતી કોઈની પાસે નથી.

સદીઓથી લોકોના મનમાં એક સવાલ છે કે, સૃષ્ટિ પર પહેલા ઈંડુ આવ્યું કે મરઘી? આ સવારનો જવાબ ભાગ્ય જ કોઈની પાસે હશે. તેવી જ રીતે આ મનુષ્ય સૃષ્ટિના સર્જનહાર પ્રજાપિતા બ્રહ્માના પિતા કોણ? તેમની ઉત્પત્તિ કેવી રીતે થઈ? આ પણ એક વણ ઉકલ્યો સવાલ છે. દેવતાઓ તથા અસુરો બ્રહ્માજીના સાક્ષાત્કાર માટે કે એક વરદાન પ્રાપ્ત કરવા માટે હજારો વર્ષ તપસ્યા કરતા હતા. તો તેમનો સાક્ષાતકાર થાય તો બ્રહ્માજીને કેવી રીતે ઓળખી શકાય. મોરમુગટધારી કે મુરલીધર કૃષ્ણને તેમજ ધનુષ્યબાણધારી રામને તો ઓળખી શકાય. ત્રિશુલધારી કે જટાધારી શંકરને પણ ઓળખી શકાય પરંતુ બ્રહ્માજીને ઓળખવાની નિશાનીઓ કઈ છે?

ઘણીવાર આપણે ધાર્મિક સીરીયલ કે પિક્ચરમાં પ્રગટ થતા દર્શાવવામાં આવે છે. જેમાં તેઓ કમળપુષ્પ પર બિરાજમાન હોય છે. તેમના હાથમાં પુસ્તકો હોય છે તેમજ તેઓ શ્વેત દાઢી-મુછ વાળા વૃદ્ધ પુરુષ હોય છે. સફેદ દાઢી-મુછ વૃદ્ધત્વનું પ્રતીક છે. દેવતાઓ કદી વૃદ્ધ થતા નથી કે તેમને દાઢી-મુછ પણ હોતી નથી અર્થાત બ્રહ્માજી કોઈ દેવતા નથી પણ એક સાધારણ કળિયુગી પુરુષ છે. પ્રજાપિતા સ્વયં આ સૃષ્ટિ પર આવી જૂની કળિયુગી સૃષ્ટિનું પરિવર્તન કરી નવી સતયુગી સતોપ્રધાન સૃષ્ટિનું સર્જન કરે છે. હાથમાં પુસ્તકો ચાર વેદ તથા ધર્મગ્રંથોનું પ્રતીક છે. બ્રહ્માજી સૃષ્ટિ પર આવી વેદો તથા તમામ ધર્મગ્રંથોનો સાર બ્રહ્માજ્ઞાનના રૂપે આપે છે અને કમળપુષ્પ પર બિરાજમાન પવિત્રતાના પ્રતીક રૂપે બતાવવામાં આવે છે. રામ-સીતા, લક્ષ્મી-નારાયણ કે શંકર-પાર્વતીની જેમ બ્રહ્માજીના કોઈ યુગલ નથી. આમ છતાં તેમની પુત્રી બ્રહ્માકુમારી વેદમાતા ગાયત્રી

અને જ્ઞાનની દેવી સરસ્વતી તરીકે આપણે જાણીએ છીએ. બ્રહ્માજીએ આપેલ બ્રહ્મજ્ઞાન જીવનમાં ધારણ કરનાર આ તેમની માનસ પુત્રીઓ મુખ વંશાવલી છે. તેમની કોઈ યુગલ ન હોવાને કારણે કોઈ કુખ વંશાવલી સંતાન નથી. બ્રહ્માજી એક સાધારણ મનુષ્ય હોવાને નાતે તેમની કોઈ ખાસ પૂજા વિધિ, પ્રાર્થના, અર્ચના, ચાલીસા, કથાવાર્તા કે આરતી થતી નથી. બ્રહ્માજીને ચાર મુખ એટલા માટે બતાવવામાં આવે છે કે એમણે આપેલ બ્રહ્મજ્ઞાન બહુ જ ઓછા સમયમાં ચારે દિશામાં ફેલાઈ જાય છે. આ બ્રહ્મા દ્વારા આપવામાં આવેલ બ્રહ્મજ્ઞાનનું મહત્વ એટલું બધું છે કે સ્વયં દેવોના રાજા ઈન્દ્ર એ પણ તેને શીખવા માટે 12 વર્ષ સુધી તેમના આંગણામાં ઝાડુ મારવાનું કામ કર્યું હતું.

આમ, દરેક ધર્મના ધર્મપિતા, ઈસુખ્રિસ્ત, ગુરુનાનક, મહંમદ પેગમ્બર તેમજ દરેક દેવાત્માઓના પણ આદિ-પિતા એવા પ્રજાપિતા બ્રહ્મા જેઓ મનુષ્ય સૃષ્ટિના સર્જનહાર છે. તેમનું સર્જન કોણે કર્યું તે જાણવું ખૂબ જ રસપ્રદ છે.

ભારતભરના તમામ શિવાલયો તેમજ હિંદુ ધર્મના મુખ્ય બારધામ મંદિરોમાં કોઈ મનુષ્ય આકારની મૂર્તિ નથી પરંતુ અંગૂઠા આકારના શિવલિંગ છે. લિંગનો અર્થ આકાર થાય છે. જેવી રીતે સ્ત્રીલિંગ એટલે સ્ત્રીનો આકાર, પુલિંગ એટલે પુરુષનો આકાર. તેવી જ રીતે શિવલિંગ એટલે શિવનો આકાર, શિવલિંગને કોઈ દેવી કે દેવતા સ્ત્રી કે પુરુષનો આકાર નથી પરંતુ મનુષ્ય દેહના આકારની સાપેક્ષમાં નિરાકાર છે. જેને કોઈ હાથ, પગ, મુખ, કાન, નાક કે આંખ જેવી સ્થૂળ કર્મેન્દ્રિયો નથી. પરંતુ ભગવાન નિરાકાર છે જેમને કર્તવ્ય કરવા માટે કોઈ કર્મેન્દ્રિયોની જરૂર નથી. એટલે જ જ્યારે જગન્નાથ ભગવાનની રથયાત્રા નીકળતી હોય છે ત્યારે તેમની આંખોએ પાટા બાંધેલા હોય છે તેમજ મૂર્તિઓને હાથ પગ પણ હોતા નથી.

અહીં પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે, ભગવાન નિરાકાર છે મુખ જેવા અંગો નથી તો પછી ગીતાજ્ઞાન કે યોગ કેવી રીતે શીખવાડી શકે. ગીતામાં જણાવ્યું છે કે, કર્મે ચઃ દિવ્ય, જન્મે ચઃ દિવ્ય અર્થાત ભગવાન કહે છે કે મારો જન્મ અને કર્તવ્ય બંને દિવ્ય છે. હવે સાધારણ મનુષ્યની જેમ વિકારથી જન્મ લે તો તેમને પણ સ્થૂળ અંગો હોય. તેમજ દેહાધીન ખાવું, પીવું, સૂવું વગેરે કર્મ પણ કરવા પડે પરંતુ તેમના કર્મ સાધારણ નહીં, દિવ્ય છે. નિરાકાર ભગવાનને કર્મ કરવા અર્થાત ગીતાજ્ઞાન આપવા માટે મુખ જોઈએ, યોગ શીખવાડવા શરીર જોઈએ પરંતુ તેઓ અજન્મા, અભોક્તા છે. જન્મ મરણના ચક્રમાં આવી શરીર ધારણ કરતા નથી તો તેઓ ધર્મ સ્થાપન માટે કે સાધુ સંતોના ઉદ્ધાર માટે કેવી રીતે આવે છે?

આ માટે ભગવાન ત્રણ સૂક્ષ્મ દેવતાઓ દ્વારા પોતાનું કર્તવ્ય કરાવે છે. બ્રહ્મા દ્વારા સૃષ્ટિનું સર્જન, વિષ્ણુ દ્વારા પાલના તથા શંકર દ્વારા આસુરી સૃષ્ટિનો વિનાશ કરાવે છે. પરમાત્મા ગર્ભ જેલમાં આવતા ના હોવાને કારણે તેઓ આ સૃષ્ટિ પર પરકાયા પ્રવેશ કરીને અવતરીત થાય છે અને જેના શરીરમાં પ્રવેશ કરે છે તેનું નામ બ્રહ્મા આપે છે. આમ બ્રહ્મા એ પરમાત્માનું કર્તવ્ય કરવાનું સાકાર માધ્યમ છે. તેથી ગીતામાં પણ કહ્યું મનુષ્ય તનનો આધાર આશ્રય લઈને જ્યારે હુ સૃષ્ટિ પર અવતરીત થાવ છું ત્યારે મૂઢ જાતિના લોકો મને ઓળખી શકતા નથી. બ્રહ્મા તનમાં પરકાયા પ્રવેશ કરી સૃષ્ટિ પર અવતરીત થતા પરમાત્માને કરોડોમાંથી કોઈક જ તેમને ઓળખી શકે છે.

સન 1937માં પાકિસ્તાન સ્થિત સિંધ હૈદરાબાદમાં દાદા લેખરાજ નામના કૃપલાની સિંધી કુળમાં એક ઝવેરી થઈ ગયા. તેમની આયુષ્યના 60વર્ષ પછીના વૃદ્ધ તનમાં પરમાત્માએ પ્રવેશ કરી તેમના મુખ દ્વારા ગીતાજ્ઞાન અને રાજયોગના શિક્ષણ આપવા માટે બ્રહ્માકુમારીઝ ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયની સ્થાપના કરી. આમ બ્રહ્મા એ સ્વયં પરમાત્માનું પહેલું સર્જન હોવાથી તેઓ વિશ્વની તમામ મનુષ્ય જાતિના આદિ પિતા પ્રજાપિતા છે.

બીજી એક માન્યતા પ્રમાણે બ્રહ્માજી વિષ્ણુ ભગવાનની નાભિમાંથી ઉત્પન્ન થાય છે તેમ શાસ્ત્રોમાં જણાવ્યું છે. વાસ્તવમાં વિષ્ણુ ભગવાનનું કર્તવ્ય પાલનાનું છે એટલે સતયુગના પ્રથમ જન્મમાં તેઓ નારાયણ સ્વરૂપે તેમજ કળિયુગના અંતિમ જન્મમાં તેઓ બ્રહ્માના સ્વરૂપે હોય છે. બંને યુગના શરીર જુદા છે પરંતુ તેમનો આત્મા એક જ છે. હવે આ વાત ચિત્રકાર ચિત્રમાં કેવી રીતે બતાવી શકે. એટલે ચિત્રકારોએ સૂતેલા વિષ્ણુની નાભિમાંથી નીકળતા કમળમાં બ્રહ્માજીને બિરાજમાન પેદા થયેલ બતાવે છે.

બ્રહ્માજી ગર્ભજેલમાં આવતા ન હોવાને કારણે પવિત્ર જન્મ હોવાથી કમળ પર બેઠેલા દર્શાવવામાં આવે છે. કારણ કે કમળ પવિત્રતાનું પ્રતીક છે. એટલેકે દેવતાઓના અંગોને કમળ સાથે સરખાવવામાં આવે છે. હસ્તકમળ, નયનકમળ, નાભિકમળ, ચરણકમળ, મુખકમળ વગેરે.

નારાયણનું એક નામ શ્યામસુંદર પણ છે. શ્રીનાથજી, દ્વારિકાધીશ, જગન્નાથજી વગેરેની મૂર્તિ શ્યામ બતાવે છે. નારાયણ એ સતયુગી સુંદર અર્થાત સતોપ્રધાન પાવન સ્વરૂપે છે. જ્યારે બ્રહ્માજી એ વિષ્ણુના અંતિમ અવતારનું તમોપ્રધાન પતિત શ્યામ સ્વરૂપ છે. આમ બ્રહ્માજી એ વિષ્ણુ ભગવાનના અંતિમ સ્વરૂપ તથા નારાયણ સુંદર સ્વરૂપ હોવાથી કૃષ્ણને શ્યામસુંદર કહેવામાં આવે છે. આ બતાવવા માટે ચિત્રકારે બ્રહ્માજીની ઉત્પતિ વિષ્ણુની નાભિમાંથી થતી બતાવેલ છે.

આવા અનેક રહસ્યો સમજવા માટે આપ બ્રહ્માકુમારીઝ ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયના કોઈપણ નજીકના સેવાકેન્દ્ર પર આપ જોઈ શકો છો. અહીં સ્વયં ભગવાન દ્વારા પ્રજાપિતા બ્રહ્માના માધ્યમથી ગીતાજ્ઞાન અને રાજ્યોગ શીખવવામાં આવે છે. જે આપ સ્વયં પધારી અનુભવ કરી શકો છો.

**॥ ઓમશાંતિ ॥**

- **શું તમારી અંદર છુપાયેલા ખજાનાને બહાર લાવવાનું સાહસ છે? હું દાવા સાથે કહી શકું છું કે આપણા સૌની અંદર કૌને કોઈ ખજાનો છુપાયેલો છે તેને બહાર લાવવાનું રહસ્ય રચનાત્મક જીવનમાં છુપાયેલું છે.**

**(પેજ નં. 12નું અનુસંધાન)... આપણે માંગનારા**

બનશો. એથી સ્વાભાવિક રીતે પ્યારાં બની જશો. પોતાની શાનમાં રહેવું જોઈએ. આજની દુનિયામાં તો પૈસા સિવાય બીજું કાંઈ નથી. લોકો પણ પૈસાની ઈજ્જત કરશે. હું બ્રહ્માકુમારી બનીશ પણ પૈસા હશે તો ઈજ્જત મળશે. એટલે કમાણી કરવી એ બરાબર છે. ઘણાં આવી ભાષા બોલે છે. હું પણ કહું છું કે બિલકુલ ઠીક છે. સાચી વાત છે. પ્રવૃત્તિમાં રહેનારા માટે બાબાએ કહ્યું છે લૌકિક અને અલૌકિક બન્ને સંભાળો. કુમારીઓ માટે એવું કહ્યું હોય તેવી કોઈ મુરલી મેં સાંભળી નથી.

**॥ ઓમશાંતિ ॥**

(પેજ નં. 07નું અનુસંધાન)... તપસ્વીની

પણ કોઈએ જાણી શકતું નહોતું કે આ એમનો લૌકિક પરિવાર છે. આપે તો આત્મિક ભાવ ધારણ કરી લીધો હતો. સમગ્ર વિશ્વ જ એમનો પરિવાર હતો. આપ પ્રજાપિતા હતા ને સર્વ એમનાં સંતાન હતાં.

18, જાન્યુઆરી 1969ના દિવસે નિરાકારી, નિર્વકારી, નિરહંકારી સ્થિતિ પ્રાપ્ત કરી આપ કર્માતીત અવસ્થાને પામ્યા. સમગ્ર વિશ્વ આપને સન્માનથી જુએ છે.

॥ ઓમશાંતિ ॥

(પેજ નં. 13નું અનુસંધાન)... અમૃતધારા

કમલફૂલ સમાન બનાવ્યો છે. બાબાએ ગુણગાન બનવા તરફ આપણું ધ્યાન ખેંચાવ્યું છે. નિર્વિકારી બનવાનું છે. કોઈપણ વિકાર અંશમાત્ર પણ ના રહે તેવા ઉદાહરણ મૂર્ત બનો. બાબાએ એવા કેટલાયે આત્માઓને તૈયાર કર્યા છે. કારણ કે બાબાના બોલમાં એટલી શક્તિ હતી. જો અંશ માત્ર પણ કામ વિકાર રહી ગયો, તો તેને બ્રહ્માવત્સ નહીં કહેવાય. ચાલો કામ, ક્રોધ તો ગયા પણ લોભ, મોહ થોડો પણ હશે તો તે બાબાનો બાળક નથી. બાબાએ એટલું જ્ઞાન ધન આપ્યું છે મની (પૈસા) પણ આપ્યા છે અને માન પણ આપ્યું છે.

॥ ઓમશાંતિ ॥

# ચાલો આપણે કંઈક નવું કરીએ

**બ્ર. કુ. શિવદાસ, જૂનાગઢ**

ચાલો આપણે કંઈક નવું કરીએ.
એકબીજાને કંઈક ગમતું કરીએ.
આપસના અહમ છોડી કંઈક નમતું કરીએ.
ચાલો નવા વર્ષની નવી શરૂઆત કરીએ ...
ચાલો ને હવે હું ખોટો... ના તમે ખોટા.
નાહકનું અભિમાન થોડું જતું કરીએ.
આમ છે... તેમ છે... હવે બધું વિસરતું કરીએ.
ચાલો નવા વર્ષની નવી શરૂઆત કરીએ...
ચાલો દિલને થોડુંક ધબકતું કરીએ.
બાળપણના પ્રીત ના ગીત ને ફરી ગુંજતું કરીએ.
આપસના પ્રેમના નિર્દોષ ભાવથી આંખોમાં ડૂબી જઈએ.
ચાલો નવા વર્ષની નવી શરૂઆત કરીએ...
હકીકી પ્રેમરૂપી સુગંધ બની ભળી જઈએ.
ચાલો આપણે સંસાર રૂપી ઉપવનને મધુર કરીએ .
ચાલો ને હવે
પ્યારા બાબાનું નામ આ જગતમાં રોશન કરીએ...

॥ ઓમશાંતિ ॥

(પેજ નં. 11નું અનુસંધાન)... પ્રસન્નતાના

મોબાઈલ જોઈએ છીએ પણ હવે સવારે પરમાત્માનું જ્ઞાન સાંભળો જેવા સાંભળીશું, વાંચીશું, જોઈશું તેવા બનીશું, લાઈફ અર્થાત્ એનર્જી તે લાઈફ ભૃકુટિની મધ્યમાં છે. જ્યારે તે (આત્મા) જીવનમાંથી ચાલ્યો જાય છે ત્યારે માત્ર શરીર જ રહી જાય છે. જીવનમાં સંતુલન આવશે તો બાકીનું બધું ઠીક થઈ જશે.

॥ ઓમશાંતિ ॥

Published and Printed by BK Bhartiben R. Somiya for Prajapita Brahmakumaries Ishwariya Vishwa Vidyalaya, Ahmedabad. Printed at Shreedhar Printers Pvt. Ltd., J & K Block No. 4, Ravi Estate, Dudheshwar Road, Ahmedabad - 380 004. Published from Prajapita Brahmakumaries Ishwariya Vishwa Vidyalaya, Sukh Shanti Bhavan, Bhulabhai Park Road, Kankaria, Ahmedabad - 380 022, Gujarat State, India. Edited by Prof. Dr. Kalidas Dhulabhai Prajapati

# મુક્તકમાળા

## બ્ર.કુ. ગોદાવરીબેન, મુલુંદ, મુંબઈ

ભગવાનની નજરમાં સર્વે એક સમાન છે.
હિન્દુ હોય કે મુસલમાન, શીખ હોય કે ઈસાઈ,
મદ્રાસી હોય કે મરાઠી, પંજાબી હોય કે ગુજરાતી,
કચ્છી હોય કે સિન્ધી, જૈન હોય કે ભાનુશાલી,
પોરવાલ હોય કે મારવાડી, કન્નડ હોય કે તેલુગુ,
એક પરિવારનાં ભાતિ સર્વે, પિતા સર્વ શક્તિવાન છે.
પ્રભુની નજરમાં સર્વે એક સમાન છે.
ક્રિકેટર હોય કે ડાયરેક્ટર, એક્ટર હોય કે લેખક,
કમિશ્નર હોય કે કલેક્ટર, બેરિસ્ટર હોય કે વકીલ,
ઉદ્યોગપતિ હોય કે મજદૂર, મિલમાલિક હોય કે કામદાર,
ઓફિસર હોય કે ચપરાશી, ગરીબ હોય કે શાહુકાર,
ભલે દેશી કે હોય વિદેશી સર્વે પ્રભુ પિતાનાં સંતાન છે.
ભગવાનની નજરમાં સર્વે એક સમાન છે.
સંન્યાસી હોય કે ગૃહસ્થી, પૂજારી હોય કે ટ્રસ્ટી,
ભક્ત હોય કે જ્ઞાની, પંડિત હોય કે વિદ્વાન,
બાળક હોય કે જવાન, વૃદ્ધ હોય કે કિસાન,
યાદ કરી પ્રભુપિતાને બને જે પતિતથી પાવન.
ભેદભાવ છોડીને વર્તે છોડે જે દેહ અભિમાન છે.
પ્રભુની નજરમાં સર્વે એક સમાન છે.
સ્વને ઓળખી પ્રભુને ઓળખી કરે છે નિજ પરિવર્તન,
સમય વર્તે સાવધાન બની કરે છે સદા સ્વ ચિંતન,
ઈર્ષ્યાવેરનાં ભાવ છોડી, સદ્ વિચારે મન પ્રસન્ન,
મારા-તારાથી ઉપરામ બની લૂંટો જ્ઞાન રતન,
ભલે વાંચો બાઈબલ, ગીતા, કુરાન છે,
ભગવાનની નજરમાં સર્વે એક સમાન છે.
ૐ શાંતિનો મંત્ર નિરાળો મળે શાંતિ અપાર છે,
દોષ દ્વેષ, દ્વૈત દૃષ્ટિ હટાવી, જે બને નિર્વિકાર છે,
ઓળખી લ્યો જ્ઞાન ચક્ષુ વડે એ સર્વ સુખોનાં ભંડાર છે.,
બનાવે પતિતથી પાવન બાળકોને, આપે અમર વરદાન છે,
ભગવાનની નજરમાં સર્વે એક સમાન છે.

॥ ઓમશાંતિ ॥

# આત્મ અનુભૂતિ

## બ્ર.કુ. ઈશ્વરભાઈ

હું આત્મા પરમાત્મ પ્રેમ દીવાનો
જાગી ગયો જ્યોત અગ્નિ પ્રેમની
બની ગઈ હું રાખ પ્રેમ અગન થી
પ્રેમની રાખ બની ગઈ રુહાની શાહી
હૃદય કમલથી રુહાની કલમ બનાવી
જ્ઞાન તલવારથી લેખની બનાવી
પછી આ લેખનીમાં
કોઈ હદ નહીં, કોઈ અંત નહી.
બસ અનુભૂતિ, તૃપ્તિ, સંતોષ,
આનંદ જ આનંદ.
અંતરનાદની ગુંજન કરે
રોમ રોમમાં પ્રેમ પ્રગટે,
અંતરનાદની શંખ ધ્વનિમાં
શૂન્યથી વિરાટ અને
વિરાટમાંથી શૂન્ય પ્રગટે,
સત્યમ્ શિવમ્ સુંદરમ્નો
સાશ્વત સનાતન પ્રગટે,
સત્-અસત્ની ના દુવિધા રહે
સત-ચિત્ત-આનંદ જ
આનંદ પ્રગટે,
અભયતાની સાથે નિર્ભયતા પ્રગટે,
ના રહે ભયનો ડર
નિશ્ચિતતાની પરાકાષ્ટા પ્રગટે,
અંતરનાદની એકરસતાથી
બસ દિવ્યતાનો પ્રકાશ પ્રગટે,
હું આત્મા પરમાત્મ પ્રેમ દીવાનો
બસ પરમાત્મ પ્રેમનો
પ્રકાશ પ્રગટે.

॥ ઓમશાંતિ ॥

# સંગમયુગની શબ્દાવલી

દૈવી ભાઈઓ અને બહેનો,

સંગમયુગની શબ્દાવલીના વિભાગમાં ડિસેમ્બર-૨૦૨૩ માસની શબ્દાવલી, ભાગ-૩૭ના જવાબો આ સાથે છે. જ્ઞાનના ચિંતનના આધારે તમારા જવાબોને સાચા જવાબો સાથે સરખાવી શકશો. સંગમયુગની શબ્દાવલી, ભાગ-૩૮ અહીં પ્રસ્તુત છે. જેની આડી-ઉભી ચાવીઓ ભરશો. તમને આવતાં ફેબ્રુઆરી-૨૦૨૪ના અંકમાં આ શબ્દાવલી, ભાગ-૩૮ના જવાબો મળશે.

## સંગમયુગની શબ્દાવલી ભાગ-૩૮

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | | 2 | 3 | ■ | 4 | 5 | 6 | 7 | |
| | ■ | 8 | | 9 | ■ | 10 | | | ■ |
| 11 | 12 | ■ | 13 | | 14 | ■ | ■ | ■ | 15 |
| 16 | | | ■ | 17 | | | ■ | ■ | |
| | ■ | ■ | 18 | ■ | | ■ | ■ | 19 | ■ |
| 20 | | 21 | | | | | 22 | | 23 |
| ■ | ■ | 24 | | ■ | ■ | ■ | 25 | | |
| 26 | 27 | | ■ | 28 | 29 | 30 | | ■ | |
| 31 | | ■ | 32 | | | | ■ | 33 | ■ |
| 34 | | ■ | 35 | | | ■ | 36 | | |

### શબ્દાવલી ભાગ-૩૭ ના જવાબોવાળું કોષ્ટક

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 ના | 2 તા | 3 લ | ■ | 4 ક્રિ | શ્ચ | ન | ■ | 5 એ | ક |
| 6 ર | જ | ત | ■ | સ | ■ | ■ | 7 કે | ક | ■ |
| દ | ■ | ■ | 8 આ | મ | 9 ર | સ | ■ | 10 મ | 11 ગ |
| ■ | 12 સ | 13 મ | ર | સ | તા | ■ | 14 ઉ | ત | ર |
| ■ | 15 ત | રા | જુ | ■ | 16 ળુ | ચા | દ | ■ | મ |
| 17 આ | યુ | ■ | ■ | 18 હે | ■ | ■ | 19 ઘા | ટ | ■ |
| 20 સા | ગ | 21 ર | ■ | 22 મં | ત્રી | ■ | ટ | ■ | 23 સુ |
| ર | ■ | 24 મ | ન્ન | ત | ■ | ■ | 25 ન | 26 જ | ર |
| ■ | 27 વા | ણી | ■ | ઋ | ■ | 28 | ■ | 29 ત | જ |
| 30 બા | રી | ક | ■ | 31 તુ | લ | ના | ■ | ન | ■ |

**આડી ચાવીઓ -**

૧. આત્મા ..... છે (૪)
૪. ૨૮ જાન્યુઆરી યજ્ઞરક્ષક....વિભૂતિનો સ્મૃતિદિવસ (૫)
૮. ચલો અપને ..... (૩)
૧૦. વિલેજ શબ્દને ગુજરાતીમાં કહેવાય (૩)
૧૧. ભક્ત ઉંધુ લખો (૨)
૧૩. ધૂન (૩)
૧૬. એક ગુણ (૩)
૧૭. ડીયર ઉંધુ લખો (૩)
૨૦. બાબાની એક મહિમા (૧૦)
૨૪. વાળને અંગ્રેજીમાં કહેવાય (૨)
૨૫. યુરોપવાસી ..... (૩)
૨૬. આપની આંખો કો ..... બનાવો (૩)
૨૮. લીલુંછમ (૪)
૩૧. એક કઠોળ (૨)
૩૨. વિશ્વની સાત (૪)
૩૪. દોડવું (૨)
૩૫. ચમક, ઝળહળતું (૩)
૩૬. એક બાબા, મધુબન અને ..... (૩)

**ઊભી ચાવીઓ -**

૧. ૧૮ જાન્યુઆરીનો દિવસ (૬)
૨. નૈયા (૨)
૩. ઠંડુ (૩)
૫. વિશાળ (૨)
૬. કક્કાના બે અક્ષર (૨)
૭. રેન્ટ શબ્દને ગુજરાતીમાં કહેવાય (૫)
૯. શહેર (૩)
૧૨. વિશાળ (૨)
૧૪. આંખ શબ્દને સંસ્કૃતમાં કહેવાય (૪)
૧૫. બ્રહ્માબાબાનું એક નામ (૨)
૧૮. એક ઋતુ (૩)
૧૯. બ્રહ્માના માનસપુત્ર (૩)
૨૧. રાજમંદિર (૩)
૨૨. સર્વ પર રહમ કરનાર (૩)
૨૩. શિવમ શબ્દને ઉલટો લખો (૩)
૨૬. ..... સુખ પાઓ (૩)
૨૭. દુધ વગરનું ભોજન (૩)
૨૮. એકમ, દશક, સો અને .... (૩)
૨૯. અસલી, ઓરીજીનલ (૩)
૩૦. બીયા શબ્દને ઉલટાવીને લખો (૨)
૩૨. આંખમાં ..... હોય (૨)
૩૩. હોમ, મકાન, આશીયાના (૨)


**Gyan Amrit** Vol.17 | Issue 01 | January 2024 | Retail Price - 15/- | RNI No. of RNP is GUJGUJ/2007/21842. Published on 1st of every month. Registered under Postal Registration No. AHD-C/21/2023-2025 Vaild up to 31st December-2025 Issued by the SSPO's Ahmedabad City Division, LPWP Licence No. PMG/NG/109/2023-2025 valid up to 31st December 2025, permitted to post at Ahmedabad PSO on 4th of every month.



સુરત વેલંજા સેવાકેન્દ્રના 'ભૂમિપૂજન' કાર્યક્રમમાં ગુજરાત ઝોન ઈન્ચાર્જ રાજયોગિની ભારતીદીદી, બ્ર.કુ. રંજનબેન, વરિષ્ઠ એડવોકેટ ભ્રાતા ધીરૂભાઈ, ઉદ્યોગપતિ ભ્રાતા ચિરાગભાઈ, PI ભ્રાતા જે.બી.રામણા, બ્ર.કુ. ફાલ્ગુનીબેન.



રાજકોટ હેપ્પી વિલેજમાં દિવાળી પર્વ નિમિત્તે આયોજીત 'દીપોત્સવ' ઝાંખી કાર્યક્રમમાં ગુજરાત ઝોન ઈન્ચાર્જ રાજયોગિની ભારતીદીદી, બ્ર.કુ. નલિનીબેન, બ્ર.કુ. દક્ષાબેન, બ્ર.કુ. ભગવતીબેન, બ્ર.કુ. અંજુબેન તથા દેવી-દેવતાઓ.



અમદાવાદ થલતેજ ખાતે 'દિવાળી પર્વે' આયોજીત સ્નેહમિલન કાર્યક્રમમાં BJPનાં પ્રમુખ તથા ભારતના ગૃહમંત્રી ભ્રાતા અમીતભાઈ શાહને નુતનવર્ષની શુભેચ્છા આપતાં બ્ર.કુ. આશાબેન.




સુરત ડભોલી સેવાકેન્દ્રના નવનિર્મિત ભવનના શુભારંભ પ્રસંગે સમૂહચિત્રમાં બ્ર.કુ. સરલાબેન, બ્ર.કુ. રંજનબેન, અખિલ ગુજરાત પ્રજાપતિ સંઘના પ્રમુખ ભ્રાતા નાગજીભાઈ, સરદાર સોસાયટીના પ્રમુખ ભ્રાતા સંદિપભાઈ, પૂર્વ કૉરપોરેટર ભ્રાતા સતીષભાઈ, ઈન્ચાર્જ બ્ર.કુ. હેમાબેન, બ્રહ્માકુમારી બહેનો.



વડોદરા છાણી સેવાકેન્દ્રના નવા ભવનના ભુમિપૂજન પ્રસંગે બ્ર.કુ. ભાવનાબેનને કળશ અર્પણ કરતાં બ્ર.કુ. ડૉ. નિરંજનાબેન સાથે સ્ટેન્ડીંગ કમિટીના પૂર્વ પ્રમુખ ભ્રાતા સતીષભાઈ, કૉરપોરેટર ભ્રાતા હરીશભાઈ, બિલ્ડર ભ્રાતા કુંદનભાઈ, અગ્રણી વ્યપારીઓ ભ્રાતા વિજયભાઈ, જસબીરભાઈ તથા અન્ય બ્રહ્માકુમારી બહેનો.



બાંટવા ખાતે 'ટેન્શન ફ્રી લાઈફ' કાર્યક્રમનું ઉદ્‌ઘાટન કરતાં મા.આબુથી પધારેલ બ્ર.કુ. હરીશભાઈ, MLA ભ્રાતા સુનીલભાઈ, નગરપાલિકાના પ્રમુખ ભ્રાતા રાજુભાઈ વાધવાણી, ગુરૂદ્વારાના પ્રમુખ ભ્રાતા મનહરસિંહભાઈ, ડૉ. રામચંદ્રાણી, બ્ર.કુ. મધુબેન તથા અન્ય મહાનુભાવો.

**If Undelivered Please Return to Publishing Place :**
BRAHMA KUMARIS, 'Sukh Shanti Bhawan', Opp. Municipal School-6, Bhulabhai Park Road, Kankaria, Ahmedabad-380022. (Gujarat) INDIA

**Publisher : Bharti Ranchhoddas Somaiya**
Phone : 079- 25324460,
Email : gyanamrit.guj@gmail.com